RNI Reg. GUJGUJ/2010/44893

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

ચોથી જાગીરનો પડકાર

સાંધ્ય દૈનિક

સુવિચાર

ધીરજ અને સત્યતા આ બંને એવી વસ્તુઓ છે, જે તમને ક્યારે પણ કોઇની નજરોમાં કે કોઇના પગમાં પડવા નહીં દે...

સરધાર ગામના પૂર્વ સરપંચની હત્યાનો ભેદ ઉકેલાયોઃ પત્નીને પજવતાં શેઠને પતિએ જ પતાવી દીધો'તો P-4

Year-16, Issue-41 ■ DATE : 26-05-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

વડાપ્રધાન મોદીના હસ્તે ૨૪ હજાર કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

પીએમ મોદીએ કહ્યું 'દાહોદનો વટ પડી ગયો', દેશ આજે દરેક સેક્ટરમાં આગળ વધી રહ્યો છેઃ વડોદરમાં ભવ્ય રોડ શો

મુખ્ય સમાચાર, દાહોદ

ઓપરેશન સિંદુર પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસીય મુલાકાતે છે. ઓપરેશન સિંદૂર બાદ મોદી પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે આજે સવારે વડોદરા એરપોર્ટથી મિલન પાર્ટી પ્લોટ સુધી સિંદૂર યાત્રા કાઢવામાં આવી હતી. મોદીની સિંદૂર યાત્રાને લઇને વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો અને લોકો દ્વારા આવકારવામાં આવ્યા હતા. યાત્રાના રૂટ પર ઠેર ઠેર મોટી સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી. વડોદરા સિંદૂર યાત્રા પુરી કર્યા બાદ પીએમ મોદી દાહોદ પહોંચ્યા છે. જ્યાં તેમણે નવ નિર્મિત રેલવે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું નિરિક્ષણ કર્યું હતું અને ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિનને લીલીઝંડી આપી હતી.

પીએમ મોદીએ દાહોદમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે ૨૦૧૪માં આજના દિવસે મેં પ્રથમ વખત પદના શપથ લીધા હતા. ગુજરાતના લોકોને ભરપૂર આર્શીવાદ આપ્યા છે કોઇ ખોટ રાખી નથી. તમારા આર્શીવાદથી જ હું દિવસ રાત દેશવાસીઓની સેવામાં લાગેલો છું. દેશ આજે દરેક સેક્ટરમાં આગળ વધી રહ્યો છે.

દાહોદમાં વડાપ્રધાન મોદી ૯૦૦૦ એચપીનું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું છે. આ ઉપરાંત આણંદ - ગોધરા, મહેસાણા-પાલનપુર, રાજકોટ - હડમતીયા રેલ લાઈનના ડબલિંગ કામ, સાબરમતી-બોટાદ ૧૦૭ કિ.મી. રેલ લાઈન ઇલેક્ટ્રિફિકેશન અને કલોલ-કડી કટોસણ રેલ લાઈન ગેજ પરિવર્તનના કામો સહિત કુલ રૂા. ૨૩,૨૯૨ કરોડના કામોનું લોકાર્પણ સંપન્ન કર્યું હતું. મહીસાગર અને દાહોદ જિલ્લામાં વસતા નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે માટે રૂ. ૧૮૧ કરોડના પીવાના પાણીની ચાર જેટલી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વડોદરામાં પીએમ મોદીનું સ્વાગત-સન્માન કરવા માટે યોજાયેલી સિંદુર સન્માન યાત્રામાં ભારતીય સેનામાં ફરજ દરમિયાન શહીદ થયેલા જવાનોના પરિવારજનો જોડાયા હતા. આતંકવાદ સામે ભારતની લડાઈની વિગતો સમગ્ર વિશ્વ સમક્ષ મૂકનારા કર્નલ સોફિયા કુરેશીના પરિવારજનો પણ અહીં જોવા મળ્યા હતા.

શહીદ સ્વ. મધુકર કદમ, સ્વ. દીપક પવાર, સ્વ. યુસુફ અબ્દુલ નૂરભા ખીલજી, સ્વ. ગોરધનભાઇ રાઠવા, સ્વ. તુલસીભાઇ બારિઆ, સ્વ. દીવકાર દાદુરામ, સ્વ. આરીફ પઠાણ, સ્વ. નિરવ સોનીના પરિવારજનો સિંદુર સન્માન યાત્રામાં સહભાગી બન્યા હતા. આ ઉપરાંત કર્નલ સોફિયા કુરેશીના પિતા સહિતના પરિવારજનોએ પણ આ યાત્રામાં સામેલ થઇ નારીશક્તિના ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી.

આ ઉપરાંત પીએમ મોદી આજે દાહોદમાં ખરોડ ખાતે રેલવે સહિત વિવિધ વિભાગોના રૂ.૨૪ હજાર કરોડથી વધુ મૂલ્યના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. ભુજમાં વડાપ્રધાનના હસ્તે ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, ત્યારબાદ સાંજે અમદાવાદમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ૨૭મી મેએ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં હાજરી આપી રૂા.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ?સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ ઉપરાંત ગાંધીધામમાં સેન્ટર આલ્ફ એક્સેલન્સ, માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારમાં વિકાસકાર્યોનું લોકાર્પણ કરાશે. ખાવડા નવનિર્મિત રિન્યુએબલ એનર્જી ઝોનમાંથી ટ્રાન્સમિશન સિસ્ટમ, ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક, ભુજથી નખત્રાણા સુધી લેન હાઈ સ્પીડ કોરિડોર, ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ, કંડલામાં ૩ રોડ ઓવર બ્રિજનું નિર્માણ, ધોળાવીરા ખાતે પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં જળબંબાકાર, પૂણેમાં આભ ફાટ્યા જેવી સ્થિતિ

૩૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યોઃ મુંબઈમાં ભારે વરસાદ

મુખ્ય સમાચાર, મુંબઈ

મહારાષ્ટ્રમાં આજે ભારે પવન સાથે વરસાદનું આગમન થઈ ચૂક્યું છે. આજે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદમાં કોંકણ, પુણે, સતારા, થાણે, મુંબઈ સહિતના વિસ્તારોમાં જનજીવન ખોરવાયું છે. હાઈવે પર ભારે ટ્રેફિક જામ જોવા મળ્યો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે રાજ્યના સત્તાધીશોને વરસાદના કારણે એલર્ટમાં રહેવાં તેમજ સમયસર બચાવ કામગીરી હાથ ધરવા નિર્દેશ આપ્યો છે. તેમણે રાજ્યના લોકોને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતાં એલર્ટને ધ્યાનમાં લેવા અપીલ કરી છે. તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને સાવચેતી રાખવા કહ્યું છે.

પુણેમાં આભ ફાટ્યાની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વેસ્ટર્ન ઘાટમાં કુરવેંદેમાં ૧૮૪.૫ વરસાદ પડ્યો છે. અન્ય વિસ્તારોમાં પણ વરસાદના કારણે પાણી ભરાયા છે. નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે પુણેમાં ૨૬ અને ૨૭ તારીખે સામાન્યથી ભારે વરસાદની આગાહી કરી હતી. સ્થાનિકો અને સત્તાધીશોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી હતી. પુણેમાં ૩૧ મે સુધી વરસાદની સ્થિતિ રહેશે. એનડીઆરએફની ટીમે પુમા-લશિરાસ અને કુરૂબાવી નદી કિનારેથી છ લોકોને બચાવ્યા છે. જેમાં ત્રણ પુરૂષ, બે મહિલા, અને એક બાળક સામેલ છે. હવામાન વિભાગે મહારાષ્ટ્રના થાણે, પુણે, કોલ્હાપુર, રત્નાગિરી, રાયગઢમાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

પુણેમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. એનડીઆરએફની ટીમે પુણેના બારામતી જિલ્લામાંથી આઠ લોકોને બચાવ્યા હતા. સોલાપુર જિલ્લામાં પણ નદીમાં ડૂબતાં છ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ન જવા અપીલ કરાઈ હતી. તેમજ ત્યાં રહેતાં લોકોને સુરક્ષિત સ્થળો પર જવા અને સાવચેત રહેવા અપીલ કરી છે.

વરસાદના કારણે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. કાંદિવલીથી સાંતા ક્રૂઝમાં ૧૫ કિમીનો લંબો ચક્કાજામ થયો હતો. ભારે પવન સાથે વરસાદ, અને વીજના ચમકારા વચ્ચે મુંબઈમાં ચાર અને પશ્ચિમી વિસ્તારોમાં પાંચ ઝાડ પડી ગયા હતા.

મહારાષ્ટ્રના ઈતિહાસની વાત કરીએ તો રાજ્યમાં ૩૫ વર્ષમાં પહેલીવાર મોનસૂનનું આટલું વહેલું આગમન થયું છે. આમ તો દક્ષિણ પશ્ચિમ મોનસૂન સામાન્ય રીતે સાત જૂન આજુબાજુ મહારાષ્ટ્ર અને ૧૧ જૂને મુંબઈ પહોંચે છે. હવામાન વિભાગે કોંકણ અને પ.મહારાષ્ટ્રના અમુક ભાગોમાં આગામી થોડા દિવસે માટે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

શેરબજારની ગાડી ટોપ ગીયરમાંઃ સેન્સેકસ ૮૨૦૦૦ને પાર

મુખ્ય સમાચાર, મુંબઈ

ભારતનું અર્થતંત્ર જાપાનને પાછળ રાખીને દુનિયાના ચોથા નંબરે પહોંચી ગયાના રિપોર્ટને પગલે ભારતીય શેરબજારે છલાંગ લગાવી હોય તેમ આજે ૭૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો.સેન્સેકસ ફરી ૮૨૦૦૦ તથા નીફટી ૨૫૦૦૦ ને પાર કરી ગયા હતા.

ભારતીય અર્થતંત્ર જાપાનથી પણ આગળ વધીને દુનિયાનું ચોથા નંબરનું બની ગયુ છે. આ સિવાય ભારતમાં ચોમાસાનું આગમન ઘણુ વહેલુ થઈ ગયુ છે.ભારતનો આર્થિક વિકાસ દર ધારણા કરતા વધુ સારો રહેવાનો આશાવાદ ઉભો થયો છે. વ્યાજદરમાં ઘટાડો થવાના સકેત છે.

આવા અનેકવિધ પોઝીટીવ કારણોની અસરે માર્કેટ આજે તેજીમાં ધમધમ્યુ હતું અને મોટાભાગના શેરોમાં ઉછાળો નોંધાયો હતો. ટાઈટન, અદાણી પોર્ટ, બજાજ ફાયનાન્સ, ભારતી એરટેલ, એફસીએલ ટેકનો, હિન્દ લીવર,આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, લાર્સન, મહિન્દ્ર, નેસ્લે, એનટીપી, પાવર ગ્રીડ, રીલાયન્સ , ટાટા મોટર્સ ટીસીએસ, હિન્દાલકો, હીરો મોટો જેવા શેરો ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૪૦૦ પોઈન્ટના ઉછાળાથી ૮૨૧૨૫ સાંપડયો હતો. જે ઉંચામાં ૮૨૪૯૨ તથા નીચામાં ૮૧૮૬૮ હતો.નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૦૦ પોઈન્ટના ઉછળાથી ૨૪૯૬૦ હતો જે ઉંચામાં ૨૫૦૭૯ તથા નીચામાં ૨૪૯૦૦ સાંપડયો હતો.

ગુજરાતમાં કોવિડના નવા વેરિએન્ટ LF.7ની એન્ટ્રીઃ સૌપ્રથમ કેસ નોંધાયો



મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાતમાં કોરોનાએ ફરી એક વાર ધીમે ગતિએ પગપેસારો કર્યો છે. ગુજરાતમાં અત્યારે કોરોનાના ૨૮ જેટલા કેસ એક્ટિવ છે, જે પૈકી અમદાવાદ શહેરમાં સૌથી વધારે કેસ છે. આ તબક્કે ગુજરાતમાં કોવિડના નવા વેરિએન્ટ LF.7નો સૌપ્રથમ કેસ નોંધાયો હોવાનું સામે આવ્યું છે. આ નવા વેરિએન્ટના લક્ષણોમાં સાધારણ કફ, તાવ, સ્નાયુમાં દુખાવો, થાક લાગવો જેવા છે. આ તરફ તબીબોએ પણ સલાહ આપી છે કે, ગભરાટ નહિ પણ સાવચેતી રાખવાની જરૂર છે અને ભીડભાડથી દૂર રહેવું આવશ્યક છે.

ગુજરાતમાં નવા વેરિએન્ટના પહેલા કેસ અંગે વધુ ફોડ પડાયો નથી. પાંચેક દિવસ પહેલાં જે કોવિડ એક્ટિવ કેસ હતા તે તમામ ઓમિક્રોન વેરિએન્ટના હતા. અત્યારે જે માહિતી સામે આવી રહી છે તેમાં ગુજરાતમાં નવા વેરિએન્ટ LF.7નો સૌપ્રથમ કેસ સામે આવ્યો છે. આ ઉપરાંત અન્ય રાજ્યમાં એન B.1.8.1નો પણ એક કેસ આવ્યો છે.

ડબ્લ્યુએચઓ દ્વારા આ વેરિએન્ટનો અત્યારે અભ્યાસ કરાઈ રહ્યો છે. આ બે વેરિએન્ટથી કોવિડ કેસમાં વધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે. ગુજરાતમાં અત્યારે કોરોના પોઝિટિવ કેસમાં વેરિએન્ટ જાણવા માટે જીનોમ સિકવન્સિંગ ટેસ્ટ કરાઈ રહ્યા છે. કોવિડના એક્ટિવ કેસ મામલે ગુજરાત પાંચમા અને છઠ્ઠા ક્રમે હતું, જોકે અત્યારે ચોથા સ્થાને આવ્યું છે.

મનોરંજન માટે પત્તા રમવું ખોટું નથીઃ સુપ્રીમ

આપણા દેશમાં જુગાર કે સટ્ટા વિના પત્તે રમવું મનોરંજન તરીકે સ્વીકાર્ય છે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સુપ્રીમકોર્ટે કર્ણાટકની સહકારી સમીતીમાં એક વ્યક્તિની નિયુક્તિને બહાલ કરતા કહ્યું હતું કે, સટ્ટાબાજી અને જુગારના તત્વ વિના મનોરંજન માટે પત્તે રમવું અનૈતિક આચરણ નથી.

ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ એન.કોટેશ્વર સિંહની પીઠ એ બાબત પર ધ્યાન આપ્યું કે, ગવર્નમેન્ટ પોર્સિલેન ફેકટરી એમ્પ્લોઈઝ હાઉસીંગ કો ઓપરેટીવ સોસાયટી લિ.ના નિર્દેશક મંડલમાં નિયુક્ત હનુમંનરાયપ્પા વાઈસી કેટલાક લોકોની સાથે માર્ગ પર બેસીને પત્તાથી રમતા પકડાયા હતા.

ત્યારબાદ તેમની પર કોઈપણ સુનાવણી વિના કથિત રીતે ૨૦૦ રૂપિયાનો દંડ લગાવાયો હતો. બેન્કે જણાવ્યું હતું કે, વસ્તુસ્થિતિને જોતા અમને કહેવુ કઠિન લાગે છે કે અપીલકર્તા પર લગાવવામાં આવે. ગેરવર્તણુકનો આરોપ નૈતિક પતનની શ્રેણીમાં આવે છે.

સજા ખૂબ જ અસંગત સુપ્રીમ કોર્ટે નિર્ણય સંભળાવતા કહ્યું હતું કે વાસ્તવમાં આપણા દેશના મોટાભાગના ભાગોમાં જુગાર કે શરત વિના ગંજીફાના પત્તે રમવાને મનોરંજનના સ્ત્રોત તરીકે સ્વીકારવામાં આવ્યો છે.

સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે આ મામલે કોઈની નિયુક્તિને રદ કરવી ખૂબજ અસંમત છે. સુપ્રીમ કોર્ટે કર્ણાટક હાઈકોર્ટનો ફેસલો પણ ફગાવી દીધો હતો.

આજથી રાજકોટને મળી વધુ એક વંદેભારત ટ્રેન

વડાપ્રધાન મોદીએ અમદાવાદ-સોમનાથ ટ્રેનને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમ થી લીલીઝંડી બતાવીને રવાના કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે સોમનાથ - વેરાવળ-સાબરમતી (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દાહોદથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમ થી લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી.

સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ રીકલાઈંગ અને આરામદાયક સીટો, સ્લાઈડિંગ દરવાજા, મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ, બાયો-ટોઇલેટ્સ, ઓટોમેટિક એન્ટ્રી અને એક્ઝિટ ગેટ, સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે મુસાફરોને વિશ્વ કક્ષાની આરામ અને સુવિધાઓ પૂરી પાડે છે.

ટ્રેન નં. ૦૯૫૦૨ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ૨૬ મે, ૨૦૨૫ ના રોજ વેરાવળથી ૧૧.૩૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૮.૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં આ ટ્રેન જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને વિરમગામ સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેન નં. ૨૬૯૦૧ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ૨૭ મે, ૨૦૨૫ થી સાબરમતી (ધરમનગર બાજુ) સવારે ૦૫.૨૫ વાગ્યે થી ઉપડશે અને તે જ દિવસે ૧૨.૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ગુરૂવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૨૬૯૦૨ વેરાવળ - સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ૨૭ મે, ૨૦૨૫ થી વેરાવળ થી ૧૪.૪૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૨૧.૩૫ વાગ્યે સાબરમતી પહોંચશે. આ ટ્રેન ગુરૂવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ અને જૂનાગઢ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ છે.

ટ્રેન નં. ૨૬૯૦૧ અને ૨૬૯૦૨ નું બુકિંગ ૨૫ મે, ૨૦૨૫ થી કાઉન્ટરો અને વેબસાઇટ પર શરૂ થશે.

ગુજરાતના ૯૭ ટકા જીલ્લાઓ ભારે ગરમીનાં જોખમ ઈન્ડેકસ હેઠળ

શિયાળામાં પણ તાપમાન સરેરાશ કરતા વધુ અને આકરૂ જ રહેવા લાગ્યુ હોવાનો અભ્યાસ રીપોર્ટમાં ખુલાસો

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાત માટે બળબળતો ઉનાળો કે આકરી ગરમી નવી વાત નથી. ઉનાળાના તાપમાં ચામડી દઝાડતી હોય તેવો માહોલ સર્જાય છે. માત્ર ઉનાળામાં જ નહિં પણ શિયાળામાં પણ તાપમાન સરેરાશ કરતા વધુ અને આકરૂ જ રહેવા લાગ્યુ હોવાનો અભ્યાસ રીપોર્ટમાં ખુલાસો થયો છે.

કાઉન્સીલ ઓન એનર્જી એનવાયરમેન્ટ એન્ડ વોટર એજન્સી દ્વારા ભારત પર આકરા તાપમાનનો પ્રભાવ વિષય પર જારી અભ્યાસ રીપોર્ટમાં એવુ જાહેર થયુ છે કે ગુજરાતના ૯૭ ટકા જીલ્લાઓ ભારે અથવા અતિભારે ગરમીનાં જોખમ ઈન્ડેકસ હેઠળ આવી જાય છે.

ભારતમાં આંધ્રપ્રદેશ, ગોવા, કેરળ, તથા મહારાષ્ટ્ર એમ ચાર રાજયોનાં તમામ ૧૦૦ ટકા જીલ્લા ભારે કે અતિભારે ગરમીનાં જોખમ ધરાવતાં ઈન્ડેકસમાં સામેલ છે. ત્યારપછી ગુજરાત પાંચમા ક્રમે છે.

મહત્વની વાત એ છે કે, ગુજરાતનું સ્થાન આકરી ગરમીમાં રાજસ્થાન, કર્ણાટક, તામીલનાડુ, તથા ઉતર પ્રદેશથી પણ આગળ વધી રહ્યું છે. અર્થાત ઉકત રાજયો કરતા ગુજરાતમાં ગરમીનું જોખમ વધુ છે.

રિપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે અત્યંત ગરમ દિવસો કરતાં ગરમ રાત્રીની સંખ્યામાં વધારો છે. ૨૦૧૨ થી ૨૦૨૨ દરમ્યાન ગરમ રાત્રીની સંખ્યા વધી છે. ઉતર ગુજરાતનાં ક્ષેત્રોમાં દિવસ તથા રાત્રીનાં તાપમાનનું અંતર ઓછું થઈ ગયુ હતું.

અભ્યાસના તારણ મુજબ ગીચ શહેર તથા આર્થિક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં અત્યધિક ગરમીનું જોખમ વધ્યુ છે. દિલ્હી, મુંબઈ, અમદાવાદ હૈદરાબાદ, ભોપાલ તથા ભૂવનેશ્વર જેવા શહેરોમાં સામેલ છે.

ભારતમાં ૭૩૪ જીલ્લાઓમાં ગરમીના પ્રકોપનાં જોખમ ચકાસવા માટે હિટ રિસ્ક ઈન્ડેકસતૈયાર કરવામાં આવે છે. રિપોર્ટમાં ગરમીના ઓછા મધ્યમ ભારે તથા અતિભારે જોખમ ધરાવતાં જીલ્લાઓને જુદી-જુદી કેટેગરીમાં રાખવામાં આવ્યા હતા. ભારતના ૫૭ ટકા જીલ્લાઓ અત્યાધિક ગરમીના જોખમ હેઠળ છે. આ ભાગોમાં દેશની ૭૬ ટકા વસ્તીનો વસવાટ છે.

ભારે જોખમ ધરાવતાં ગુજરાતના જીલ્લાઓમાં કચ્છ, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર તથા તાપી સામેલ છે. એક માત્ર ડાંગ અપવાદ છે. રીપોર્ટ મુજબ ૨૦૧૨ થી ૨૦૨૨ ના દસ વર્ષમાં રાજયનાં મોટાભાગનાં જીલ્લાઓમાં હીટવેવનાં ૩ થી ૬ વધુ દિવસો નોંધાયા છે.કચ્છ તથા સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં સામાન્ય કરતા વધુ ૯ થી ૧૨ રાત ગરમની શ્રેણીમાં હતી.

વકફ કાનૂનના બચાવમાં સુપ્રીમ કોર્ટમાં સરકાર તરફથી ધારદાર દલીલ

જ્યારે હિન્દુ કોડ બિલ આવ્યું ત્યારે કોઈ નહોતું બોલ્યું- તેમના પર્સનલ લોના અધિકાર છિનવાયા, મુસલમાનોને કેમ છોડી દેવાયા

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

વકફ સંશોધન કાનૂન-૨૦૨૫ના વિરોધમાં દાખલ અરજીમાં વકફ કાનૂનને બંધારણની કલમ ૨૫નો ભંગ બતાવાયો છે. આ મામલે સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં તગડો જવાબ આપ્યો છે તેમણે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે જયારે હિન્દુ કોડ બિલ લાવવામાં આવ્યું

ત્યારે હિન્દુઓ, ઈસાઈઓ, શિખો અને બૌધ્ધ સમુદાયોના અધિકારો છિનવવામાં આવેલા ત્યારે તો કોઈએ નહોતું કહ્યું કે મુસલમાનોને કેમ છોડી દેવામાં આવ્યા.

મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામાકૃષ્ણા ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટીન જયોર્જ મસીહની બેન્ચે ત્રણ દિવસની સુનાવણી બાદ ગુરૂવારે તા.૨૨મેએ ફેસલો સુરક્ષિત રાખ્યો હતો. પહેલા દિવસની સુનાવણીમાં અરજદારોએ પોતાની દલીલો રાખી હતી, જયારે તા.૨૧ અને ૨૨મીએ કેન્દ્ર અને અન્ય રાજયો તરફથી રજૂ થયેલા વકીલોએ પોતાનો પક્ષ રાખ્યો હતો.

કેન્દ્ર તરફતી એસજી તુષાર મહેતાએ કહ્યું હતું કે નવો વકફ કાનૂન બંધારણની કલમ ૨૫થી વિપરિત નથી તેમણે દલીલ કરી હતી કે હિન્દુ કોડ બીલ હિન્દુઓના અધિકારોને સંહિતાબધ્ધ કરવા લાવવામાં આવ્યો હતો.

જયારે ૧૯૫૬માં હિન્દુ કોડ બિલ લાવવામાં આવ્યો તો હિન્દુઓ, ઈસાઈઓ, શિખો, બૌધ્ધો અને જૈન ધર્મ પાસેથી તેમના પર્સનલ લોના અધિકાર છીનવી લેવાયા હતા, ત્યારે કોઈએ એમ નહોતું કહ્યું કે મુસલમાનોને કેમ છોડવામાં આવ્યા અન્યોને કેમ નહીં.

વાંબે આવાસના ફ્લેટમાં હાથફેરો કરનાર તસ્કર બેલડીને દબોચી લેતી સિટી સી પોલીસ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના વાંબે આવાસમાં ગઈકાલે ચોરીની ઘટના અંગેની ફરિયાદ નોંધાઈ હતી. પરિવારજનો ઘર બંધ કરી બહારગામ ગયા હતા આ સમયમાં તસ્કરો એ મકાનને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો.આરોપીઓ રસોડાનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા જેમાં ઘરમાં રહેલા કબાટમાંથી સોના, ચાંદીના દાગીના સહિત ૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ઉસેડી જતા પોલીસમાં જાણ કરાઇ હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ચોરી કરનાર બે તસ્કરોને ચોરીમાં ગયેલ સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા સહીત કુલ કિ.રૂ.૫૭,૭૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે.જામનગરના વાંબે આવાસ જુના ત્રણ માળિયા બ્લોક નંબર ૧૯ રૂમ નંબર ૨૪ માં રહેતા સુરેશભાઈ જીવરાજભાઈ મકવાણા નામના ૬૨ વર્ષે આધેડ ઘર બંધ કરી બહારગામ ગયા હતા. આ દરમિયાન પાછળથી અજાણ્યા શખ્સોએ મકાનમાં ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ રસોડાનો દરવાજો તોડી ઘર માં પ્રવેશ કર્યો હતો ત્યારબાદ ઘરના રૂમમાં રહેલા પતરાના કબાટમાં તિજોરી તોડી હતી.જે તિજોરીમાં રહેલ સોનાની એક બુટ્ટી જોડી જેની કિંમત ૨૦ હજાર ઉપરાંત ૧૫ હજારની કાનની સરની ૧ જોડી સાથે ૪૧,૨૦૦ ની કિંમત ની સોનાની ત્રણ વીટી તેમજ ૫૯૦૦ ની ચાંદીનો હાથમાં પહેરવાનો પટ્ટો સાથે ૨૦,૦૦૦ રૂપિયા રોકડા અને નાની દીકરીને સોંગ પહેરવાનું બુટીયું સહિત એક લાખ ૧,૦૨,૬૦૦ રૂપિયાનો સામાન ચોરી ગયા હતા.આ મામલે સુરેશભાઈ મકવાણા ઘરે પરત ફરતા તેઓને ચોરી થયો હોવાનું માલુમ પડ્યું હતું. જે મામલે તેઓએ તાત્કાલિક સીટી સી ડિવિઝન પોલીસનો સંપર્ક કર્યો હતો.

જ્યાં ચોરીની સમગ્ર ઘટના અંગે પોલીસમાં જાણ કરતાં પોલીસે જાણીએ સીસીટીવી તપાસી આરોપી સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે. આ ગુનામા સંડોવાયેલ આરોપીને પકડી પાડવા અંગે જામનગર સીટી સી ડીવીઝન પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ આઈ.એ.ઘાસુરા સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ વી.બી.બરબસીયા તથા સ્ટાફના એ.એસ.આઈ. યશપાલસિંહ જાડેજા, સુખદેવસિંહ એમ.જાડેજા, હરદિપસિંહ જાડેજા પો.હેડ.કોન્સ.કોખીમશીભાઈ ડાંગર, શીવભદ્રસિંહ એમ જાડેજા રવિભાઈ એન.બુજડ, યુવરાજસિંહ બી.જાડેજા પો.કોન્સ દિલીપસિંહ જાડેજા, વનરાજભાઈ ખવડ, મયુરસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, પ્રવિણભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

મોરબીના વેપારી સાથે ઓનલાઈન ક્રિપ્ટોકરન્સી રોકાણના નામે રૂ. ૧.૫ કરોડની છેતરપિંડી

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં બે મોબાઈલ નંબર અને ૭ બેંક ખાતા ધારક સામે ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના કાયાજી પ્લોટ ખાતે રહેતા વેપારી સાથે ઓનલાઇન ક્રિપ્ટોકરન્સી યુ.એસ.ડી.ટી.માં રોકાણ કરાવી વધુ નફો અને કમાણીની લાલચ આપીને કરોડો રૂપિયા પડાવી લેવાયાનો બનાવ આમે આવ્યો છે. સાયબર ફ્રોડના આરોપીઓએ વોટ્સએપ દ્વારા સંપર્કમાં આવી, વિશ્વાસ કેળવી રૂ.૧.૫૧ કરોડની છેતરપિંડી કરી હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાઈ છે.

મોરબી શહેરના કાયાજી પ્લોટ-૮ સ્થિત પ્રમુખ હાઇટસ-૧ ખાતે રહેતા વેપારી નૈમીશ કનૈયાલાલ પંડિત ઉવ.૩૯ દ્વારા મોરબી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. ૦૪ મે ૨૦૨૫ થી ૨૧ મે ૨૦૨૫ દરમિયાન વોટ્સએપ પરથી અજાણ્યા વ્યક્તિઓ દ્વારા સંપર્ક કરી આરોપીઓએ પોતાને નાણાકીય સલાહકાર બતાવી, યુ.એસ.ડી.ટી. નામની ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરાવ્યું અને રૂપિયા કમાવાની લાલચ આપી હતી, ત્યારે સતત વાતચીત કરી ફરીયાદીનો વિશ્વાસ જીતી, અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂ. ૧,૫૧,૦૨,૫૦૦/- ટ્રાન્સફર કરાવી લીધા હતા. સાયબર ફ્રોડ આરોપીઓએ વિવિધ બેંકોના એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. જેમાં બેંક ઓફ મહારાષ્ટ્ર, આઇસીઆઇસીઆઇ, ઇન્ડુસઇન્ડ બેંક તથા આઇડીએફસી ફર્સ્ટ બેંકના કુલ ૭ એકાઉન્ટનો સમાવેશ થાય છે. આ સિવાય બે મોબાઇલ નંબર જેમાં +૯૧૯૧૫૭૩૮૨૬૯૨ અને +૮૫૨૬૫૪૭૭૮૦૧ છે. હાલ સાયબર ક્રાઇમ પોલીસે આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ અને આઇટી કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પીઆઇ કે.કે.દરબાર દ્વારા કરવામાં આવી રહી છે.

મોરબી-૨ હાઉસિંગ બોર્ડના રહેણાંકમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૬ બોટલ સાથે મકાન-માલીકની અટક

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે મળેલ બાતમીને આધારે શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરના રહેણાંકમાં દરોડો પાડી વિદેશી દારૂની બે બ્રાન્ડની કુલ ૬ નંગ બોટલ કિ.રૂ.૧૬,૩૬૦/- ઝડપી લેવામાં આવી હતી, આ સાથે પોલીસે આરોપી મકાન-માલીકની સ્થળ ઉપરથી ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ મકાન નં.૩૫ માં રહેતા હિતેન્દ્રસિંહ જાડેજા પોતાના રહેણાંકમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરી રહ્યા હોવાની પૂર્વ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમે ઉપરોક્ત મકાનમાં રેઇડ કરતા વિદેશી દારૂની જ્હોની વોકર રેડ લેબલની ૪ બોટલ કિ.રૂ.૧૨,૩૬૦/-તથા બ્લેન્ડર પ્રાઇડ સિલેક્ટ પ્રીમિયમની ૨ બોટલ કિ.રૂ.૪,૦૦૦/- સહિત કુલ ૬ બોટલ કિ.રૂ.૧૬,૩૬૦/-નો દારૂ મળી આવ્યો હતો, જેથી તુરંત મકાન માલીક આરોપી હિતેન્દ્રસિંહ ઇન્દ્રસિંહ જાડેજા ઉવ.૫૧ વાળાની બી ડિવિઝન પોલીસે અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી વાવડી રોડ ક્રિષ્ના પાર્કમાં જાહેરમાં જુગાર રમતા ૬ મહિલા સહિત ૧૦ પકડાયા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના વાવડી રોડ સ્થિત ક્રિષ્ના પાર્ક શેરી નં.૩ માં જાહેર રસ્તામાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ૧૦ જુગારી ઝડપાયા છે, જેમાં ૬ મહિલાઓનો પણ સમાવેશ થાય છે, શહેર પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સમગ્ર કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી રોડ ઉપર આવેલ ક્રિષ્ના પાર્ક શેરી નં. ૩ માં જાહેરમાં પૈસાની હારજીતના તીનપત્તીના જુગારની મજા માણી રહેલા ૧૦ પત્તાપ્રેમીઓને પકડી લેવાયા છે. જેમાં, રજાકભાઈ ગુલામભાઈ ચાનીયા ઉવ.૪૫ રહે. મોરબી વાવડી રોડ રવિપાર્ક-૨, સોનલબેન કાંતીલાલ નાથાલાલ સોમૈયા ઉવ.૪૫ રહે. મોરબી સામાકાંઠે ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નં.૧૩૭, સમાબેન સફીભાઈ તારમામદભાઈ જીંદણી ઉવ.૪૨ રહે. મોરબી વાવડી રોડ ક્રિષ્ના પાર્ક શેરી નં.૪ ભાડાનું મકાન, ઈકબાલભાઈ ગફારભાઈ હડફા ઉવ.૫૧ રહે. પડધરી ગીતાનગર જી.રાજકોટ, રાજેશભાઈ સરજુદાસ નિમ્બાર્ક ઉવ.૪૩ રહે.મોરબી વાવડી રોડ, ગાયત્રીનગર ક્રિષ્ના પાર્ક-૨, મીનાબેન કાનજીભાઈ ભીમાભાઈ ખટાણા ઉવ.૩૮ રહે. મોરબી વાવડી રોડ શ્રીહરી સોસાયટી, શબાનાબેન ઈકબાલભાઈ ગફારભાઈ હડફા ઉવ.૪૧ રહે. પડધરી ગીતાનગર જી.રાજકોટ, જયેશભાઈ જેન્તીલાલ બસીયા ઉવ.૩૭ રહે. નાનીવાવડી ગામ શીવગંગા સોસાયટીમાં ભાડેથી મૂળ રહે.તારાણા મોરાણા જી. જામનગર, કલ્પનાબેન અંબારામભાઈ ઠાકરશીભાઈ ગોપા ઉવ.૫૫ રહે. મોરબી નાનીવાવડી શ્રીહરી સોસાયટી તથા પારૂબેન લલિતભાઈ ખાનદાસભાઈ સોલંકી ઉવ.૩૮ રહે. પડધરી ગીતાનગર જી. રાજકોટ વાળાની રોકડા રૂ.૨૮,૧૦૦/-સાથે અટકાયત કરવામાં આવી હતી, આ સાથે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી, સીટી એ ડિવિઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ ચરાડવા ગામે રિક્ષા ચાલક સાથે ઓનલાઈન છેતરપીંડી, રીક્ષાના હપ્તા માટેના ફેક કોલથી રૂ.૧૦,૧૯૨ની ઠગાઈ

બજાજ ઓટો ક્રેડિટના નામે ફોન કરીને હપ્તાની રકમ ટ્રાન્સફર કરાવી, કરવામાં આવી ઠગાઈ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદના ચરાડવા ગામના રિક્ષાચાલક સાથે બજાજ ઓટો ક્રેડિટના નામે બોલતી ''અર્ચનાબેન'' તથા અજાણ્યા ભાઈએ વોટ્સએપ સ્કેનર મોકલી રૂ. ૧૦,૧૯૨/-ની છેતરપીંડી કરી હતી. ફરિયાદી દ્વારા ૧૯૩૦ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નોંધવામાં આવી છે.

હળવદ તાલુકાના ચરાડવા ગામના રહેવાસી અને રિક્ષા ડ્રાઈવીંગ કરતા મનોજભાઈ વાલજીભાઈ હળવદિયા ઉવ.૩૮ સાથે છેતરપીંડીનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તેમણે બજાજ ઓટો લિમીટેડ કંપનીની સીએનજી રિક્ષા ખરીદી હતી, જેના રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૪૦૦૫ છે. રિક્ષા માટે તેમણે રૂ. ૫૫,૦૦૦/- ડાઉન પેમેન્ટ ભર્યા બાદ રૂ. ૨,૫૦,૦૦૦/- ની લોન લીધી હતી, જેના હપ્તા રૂ. ૧૦,૧૯૨/- દર મહિનાની છઠ્ઠી તારીખે ભરવાના રહેતા હતા. ગત માર્ચ મહિનામાં મનોજભાઈ હપ્તો ભરવામાં નિષ્ફળ રહેતા, ત્રણ દિવસ પછી મનોજભાઈને મોબાઇલ નં. ૭૯૮૪૯ ૭૭૮૪૯ પરથી કોલ આવ્યો. કોલરે પોતાનું નામ ''અર્ચનાબેન'' જણાવી અને બજાજ ઓટો ક્રેડિટ તરફથી ફોન કર્યો હોવાનું કહ્યું હતું. ત્યારબાદ તેમણે કહ્યું કે એક ભાઈ કોલ કરશે અને સ્કેનર મોકલશે, જેના મારફતે હપ્તાની રકમ ભરી શકાય. જે બાદ તે જ મોબાઇલ નં. ૭૯૮૪૯ ૭૭૮૭૧ પરથી કોલ આવ્યો જેમાં એક અજાણ્યા પુરુષે પોતાની ઓળખાણ આપ્યા વિના સ્કેનર વોટ્સએપ પર મોકલ્યું. જેથી મનોજભાઈએ મોબાઇલ પેમેન્ટ એપ દ્વારા રકમ ટ્રાન્સફર કરી હતી.

ત્યારબાદ પણ, બજાજ ઓટો ક્રેડિટ કંપનીએ હપ્તો મળ્યો ન હોવાનું જણાવતાં, મનોજભાઈએ આવેલા ફોનના મોબાઇલ નંબર ઉપર ફરીથી કોલ કરતા રિસીપ્ટ મોકલાવું છું તેમ કહી આજ દિન સુધી કોઈ રસીદ મળી નહિ અને પૈસા પણ પાછા ન મળતા, મનોજભાઈએ ૧૯૩૦ પોર્ટલ પર ફરિયાદ નોંધાવી છે. હાલ મનોજભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવતા પોલીસે અર્ચનાબેન તથા મો.નં. ૭૯૮૪૯ ૭૭૮૭૧ના ધારક વિરુદ્ધ બીએનએસની કલમો તથા આઇટી એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

જામનગર રીક્ષાચાલકને લગ્નના ફેરા ૨.૩૦ લાખમાં પડ્યા

જામનગરમાં વધુ એક લુટેરી દુલ્હનનો કિસ્સો સામે આવ્યો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં એક રિક્ષા ચાલક યુવાન સાથે લૂટેરી દુલ્હને કરેલી છેતરપિંડીના ચકચારી પ્રકરણમાં પોલીસે કાર્યવાહી કરી છે. લગ્ન કરાવી આપનાર જામનગરના એક શખ્સ અને કાલાવડની એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, અને તેમની પાસેથી ૩૦,૦૦૦ રૂપિયા રોકડા કબજે કરવામાં આવ્યા છે. જ્યારે દુલ્હન ફરાર થઈ ગઈ છે.જામનગરના બેડી વિસ્તારમાં એકડો એક બાપુની દરગાહ પાસે રહેતા અને રિક્ષા ચલાવતા ૩૯ વર્ષીય ખીમજીભાઈ બુધાભાઈ મકવાણા નામના યુવાન સાથે મહારાષ્ટ્રની એક યુવતીના લગ્ન કરાવી આપવા માટે ૧.૮૦ લાખ રૂપિયામાં સોદો થયો હતો. આ લગ્ન જામનગરમાં લાલખાણ વિસ્તારમાં

રહેતા યુનુસભાઈ ગનીભાઈ મન્સૂરી અને કાલાવડના પંજેતન નગરમાં રહેતી મુમતાઝબેન અજીતભાઈ નામની મહિલાએ કરાવ્યા હતા. આ બંને વચેટિયાઓએ મહારાષ્ટ્રના અકોલાની રોહિણી મોહનભાઈ હિંગલે નામની યુવતી સાથે ખીમજીભાઈ મકવાણાના કોર્ટ મેરેજ કરાવી આપ્યા હતા. અને લગ્નના દિવસે જ રોહિણીને દોઢ લાખ રૂપિયા, જ્યારે મુમતાઝબેન અને યુનુસભાઈને ૧૫-૧૫ હજાર રૂપિયા એમ કુલ ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા.દુલ્હન રફુચક્કર થતાં ભાંડો ફૂટ્યો.લગ્ન બાદ દંપતી જામનગર પરત ફર્યું હતું. પરંતુ, ૧૮મી તારીખે રોહિણી ૫૦,૦૦૦ રૂપિયામાં મંગળસૂત્ર લેવા માટે જામનગરના દરબારગઢ વિસ્તારમાં ખરીદી કરવાના બહાને ગઈ અને રફુચક્કર થઈ ગઈ હતી. આખરે, ખીમજીભાઈએ આ ત્રણેય સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ કાર્યવાહી અને વધુ તપાસ.આ પ્રકરણમાં એ ડિવિઝનના સિટી પી.આઈ. એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ દરબારગઢ પોલીસ ચોકીના પી.એસ.આઈ. ડી.જી. રામાનુજ તથા રાઈટર ભવ્યદીપસિંહ પરમાર સહિતના સ્ટાફે જામનગરના વચેટિયા આરોપી યુનુસભાઈ મન્સૂરી ઉપરાંત કાલાવડની મુમતાઝબેનને જામનગર બોલાવી અટકાયત કરી લીધી છે. બંને પાસેથી ૧૫-૧૫ હજાર મળી કુલ ૩૦,૦૦૦ રૂપિયા રોકડા કબજે કરવામાં આવ્યા છે. આ સાથે પોલીસની ટીમે 'લૂટેરી દુલ્હન' રોહિણીને શોધવા માટે તપાસનો દોર મહારાષ્ટ્ર સુધી લંબાવ્યો છે.

માળીયા(મી) જુના ઘાટીલા ગામે અટ્રોસિટી કેસમાં સત્ય નિવેદન લખાવ્યાનો રંજ રાખી સગા ભાઈએ બહેન-બનેવી પર કર્યો હુમલાનો પ્રયાસ

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) તાલુકાના જુના ઘાટીલા ગામે મોરબી રહેતા દંપતી ઉપર સગા ભાઈ, ભાભી તથા ભત્રીજાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાના બનાવ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં જૂના ઘાટીલા ગામે નાનાભાઈની ખબરપૂછવા ગયેલ બહેન બનેવીને અગાઉના અટ્રોસિટી કેસના નિવેદનથી નારાજ અન્ય ભાઈ, ભાભી અને ભત્રીજાએ તેમના ઉપર લાકડી વડે માર મારવાનો પ્રયાસ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર બનાવ બાદ દંપતીએ ત્રણ શખ્સો વિરુદ્ધ માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, મોરબી શહેરના રોહિદાસપરા નજીક શાંતિવન સોસાયટીમાં રહેતા નાનીબેન મુળજીભાઈ સોલંકી ઉવ.૫૫ એ પોતાના સગા ભાઈ કેશુભાઈ તીકમભાઈ ચાવડા, અક્ષય કેશુભાઈ ચાવડા તેમજ વિનુબેન કેશુભાઈ ચાવડા વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે ગઈકાલ તા. ૨૪/૦૫ના રોજ ફરિયાદી નાનીબેન પોતાના પતિ મુળજીભાઈ સાથે જૂના ઘાંટીલા ગામે ગયા હતા, જ્યાં તેમના નાનાભાઈ લખમણભાઈ તિકમભાઈ ચાવડા, જેમણે મોઢાના કેન્સરનું ઓપરેશન કરાવ્યું હતું, તેમની ખબર અંતર પૂછવા ગયા હતા. ત્યાં વાતચીત કરતા હોય તે દરમ્યાન નાનીબેનના અન્ય ભાઈ આરોપી કેશુભાઈ ચાવડા, તેમના દિકરા અક્ષય ચાવડા અને પત્નિ વિનુબેન ઘરમાં પ્રવેશી એકાએક ઉશ્કેરાઈ ગયા અને નાનીબેન તથા તેમના પતિને ગંદી ગાળો બોલી ધમકી આપવા લાગ્યા હતા, જેથી તેઓ ત્યાંથી જતા હોય ત્યારે આરોપીઓએ રસ્તામાં અટકાવ્યા અને અગાઉ કેશુભાઈએ દીકરીના સાસરીયાઓ ઉપર અટ્રોસિટી કેસ કરેલ જેમાં સત્ય નિવેદન કેમ આપ્યું તેમ કહી તેમજ હવે તમારું જીવતુ રહેવું હોય તો તમારું નિવેદન પાછું લેવું પડશે. તેમ કહી હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે મુજબની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સમાચાર સંક્ષીપતમાં

ટંકારાના બંગાવડી ગામ નજીક એકટીવામાં દેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો

ટંકારા પોલીસ ટીમે બંગાવડી ગામના પાટીયાથી આગળ આશાપુરા હોટલ સામે રોડ ઉપરથી એકટીવા રજી.નં. જીજે-૩૬-પી-૮૨૧૭ માં ૩ લીટર દેશી દારૂના વેચાણ અર્થે હેરાફેરી કરતા આરોપી મેઘજીભાઈ મનસુખભાઈ છીપરીયા ઉવ.૨૬ રહે. ઓટાળા ગામ તા.ટંકારા વાળાને રંગેહાથ ઝડપી લીધો હતો, આ સાથે પોલીસે મોપેડ કિ.રૂ.૨૫ હજાર તેમજ ૩ લીટર દેશી દારૂ કિ.રૂ.૬૦૦/- સહિત કુલ રૂ.૨૫,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈને આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના રાજાવડલા રોડ ઉપર અંધ અપંગ ગૌશાળામાં કામ કરતી વખતે યુવાન બેહોશ થઇ મોતને ભેટ્યો

વાંકાનેર ટાઉનમાં રાજાવડલા રોડ ઉપર મહાવીરનગર સોસાયટી વિસ્તારમાં ગઇકાલે સાંજના સમયે મૂળ એમપી રાજ્યના વતની ૧૯ વર્ષીય યુવાનનું બેહોશ થઇ જવાને કારણે મૃત્યુ થયાનું જાહેર થતા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વાંકાનેર શહેર વિસ્તારમાં રાજાવડલા મહાવીરનગર સોસાયટીમાં અંધ અપંગ ગૌશાળામાં રહેતા મૂળ એમપી રાજ્યના રહેવાસી સુરપાલ કેન્દ્રુ શીંગાળ ઉવ.૧૯ ગઈકાલ તા. ૨૫ મેના રોજ સાંજના આશરે ૨૦૩૦ કલાકે રાજાવડલા રોડ સ્થિત અંધ અપંગ ગૌશાળામાં કામ કરતા હતા, ત્યારે અચાનક બેહોશ થઇ ગયા હતા. સ્થાનિક લોકોએ તેઓને વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી સુરપાલને મરણ ગયા હોવાનું જાહેર કરતા, વાંકાનેર સીટી પોલીસે અ. મોતની નોંધ કરી આગળની વધિત કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના રવાપર-ઘુનડા રોડ ઉપરથી દેશી દારૂ અને ઠંડા આથા સાથે મહિલા ઝડપાયી

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રવાપર-ઘુનડા રોડ ઉપર સરસ્વતી પાર્ટી-પ્લોટ સામે ખાડામાં આવેલ ઝૂંપડા નજીક એક મહિલા પોતાના ઝુંપડા પાસે શંકાસ્પદ ગતિવિધિ કરતી જોવા મળતા તુરંત પોલીસ ટીમે ત્યાં તપાસ કરી તલાસી લેતા મહિલા પાસેથી દેશી દારૂ બનાવવાનો આથો ૩૦ લીટર કિ.રૂ. ૬૦૦/- તથા દેશી દારૂ ૫ લીટર કિ.રૂ.૧ હજાર સહિત કુલ ૧,૬૦૦/-ના મુદ્દામાલ સાથે મહિલા આરોપી રેખાબેન હમીરભાઈ તળશીભાઈ સારોલીયા ઉવ.૩૩ ની અટકાયત કરવામાં આવી હતી, આ સાથે પોલીસે મહિલા આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના માળીયા ફાટક નજીક જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ પકડાયા

મોરબી શહેરમાં માળીયા ફાટક નજીક જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમતા અયુબભાઇ હૈદરભાઈ માલાણી ઉવ.૩૫, અનવરભાઈ અલ્લારખાભાઇ જેડા ઉવ.૩૪, ઇકબાલભાઈ મુસાભાઇ કટીયા ઉવ.૩૫ તથા અકબરભાઈ હનીફભાઈ મોવર ઉવ.૨૧ તમામ રહે. માળીયા(મી) વાળાને રોકડા રૂ.૧,૦૦૦/-સાથે બી ડિવિઝન પોલીસ ટીમે રંગેહાથ પકડી લેવામાં આવ્યા હતા, જેથી પોલીસે તમામ આરોપીઓની અટક કરી જુગારધારા હેઠળ ગુનો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

હળવદના સુસવાવ ગામે ખેત-મજૂરોની વિગતો પોલીસ મથકમાં ન આપનાર વિરુદ્ધ કાર્યવાહી

મોરબી જીલ્લા કલેક્ટર દ્વારા પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ મોરબી એસ્યુર્ડ એપ્સમાં શ્રમિક/કારીગરોનું રજીસ્ટ્રેશન અનિવાર્ય કરવામાં આવ્યું હોય જે જાહેરનામા અનુસંધાને હળવદ પોલીસ ટીમ તપાસની કામગીરીમાં હોય તે દરમિયાન સુસવાવ ગામે રાતકડી વિસ્તારમાં આરોપી પ્રકાશભાઈ ઘોઘાભાઈ શીપરા ઉવ.૩૧ રહે. નવા સુંદરગઢ તા.હળવદ વાળો પોતે જાહેરનામાથી માહિતગાર હોવા છતાં પોતાની નીચે કામ કરતા ખેતમજુરના આઈ.ડી. પ્રુફ મેળવેલ ન હોઇ તેમજ મોરબી એસ્યુર્ડ એપ્સ.માં રજીસ્ટ્રેશન કરેલ ન હોઇ જેથી આરોપી પ્રકાશભાઈ શીપરાની જાહેરનામા ભંગની કલમ ૨૨૩ મુજબ હેઠળ અટક કરી હળવદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદના જુના દેવળીયા ગામે પડતર મકાનમાંથી ૨૦૦ લીટર ઠંડો આથો ઝડપી લેતી ક્રાઇમ બ્રાંચ

મોરબી એલસીબી પોલીસ ટીમે બાતમી મળી કે જુના દેવળીયા ગામે મોતીનગર વિસ્તારમાં આરોપી અજય ઉર્ફે બાચકી પોતાના કબ્જાવાળા પડતર મકાનમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે, જે બાતમીને આધારે તુરંત પડતર મકાનમાં રેઇડ કરતા, મકાનમાંથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૨૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૫,૦૦૦/- મળી આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી અજયભાઈ ઉર્ફે બાચકી કિશોરભાઈ દેગામા રહે. જુના દેવળીયા મોતીનગર વિસ્તાર વાળો સ્થળ ઉપર હજાર નહિ મળી આવતા, તેની અટકાયત કરવા તપાસની તજવીજ શરૂ કરી છે. આ સાથે એલસીબી પોલીસ ટીમે આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી મદીના એપાર્ટમેન્ટના ત્રીજા માળે જુગારની મીની કલબ ઝડપાઇ, એક મહિલા સહિત ૯ જુગારી ઝબ્બે

ક્રાઇમ બ્રાંચ ટીમે રોકડા રૂ.૨.૦૨ લાખ તથા ૫ મોબાઇલ સહિત ૩.૦૨ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે જુના બસ સ્ટેન્ડ નજીક મચ્છી-પીઠ પાસે મદીના એપાર્ટમેન્ટના ત્રીજા માળે આરોપી જુસબ ઉર્ફે જુસો મોવરના રહેણાંક ફ્લેટમાં જુગારની મીની કલબ ઉપર રેઇડ કરી હતી, જ્યાં આરોપી જુસબ ઉર્ફે જુસો મોવર સહિત એક મહિલા તેમજ કુલ ૯ જુગારીને તીનપત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે પોલીસે રોકડા રૂ.૨.૦૨ લાખ તેમજ પાંચ મોબાઇલ કિ.રૂ.૧ લાખ સહિત ૩.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ આરોપીઓ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ જીજ્ઞાબેન કણસાગરા તથા હેડ.કોન્સ. જયસુખભાઇ વસીયાણીને હકીકત મળેલ કે, જુસબ ઉર્ફે જુસો ગુલમહમદભાઇ મોવર વાળો પોતાના કબ્જા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજીપતા વડે પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમી રમાડી તેની અવેજમાં પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે. જે હકિકત આધારે મોરબી જુના બસ સ્ટેન્ડ પાછળ આવેલ મચ્છી પીઠ ઈદ મસ્જિદ રોડ મદીના એપાર્ટમેન્ટના ત્રીજા માળે તેના મકાને રેઇડ કરી હતી. જ્યાં ગંજીપત્તાના પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી રહેલ જુસબ ઉર્ફે જુસો ગુલમહમદભાઇ મોવર રહે. મોરબી મચ્છી પીઠ જુના બસ સ્ટેન્ડ પાછળ, યાસ્મીન ઉર્ફે આરતીબેન સંજયભાઇ અગેચણીયા રહે.ધુંટું રોડ શોભેશ્વર રોડ વાણીયા સોસાયટી, રાજેશભાઇ જીવરાજભાઇ પટેલ રહે.મહેંદ્રનગર ચોકડી સીધ્ધી વીનાયક ફ્લેટ મોરબી, સુભાનભાઇ ઇકબાલભાઇ જેડા રહે.ખ્વાજા પેલેસ વાળી શેરી પંચાસર રોડ મોરબી, સદામભાઇ રજાકભાઇ પરમાર રહે.વાવડી રોડ ક્રીષ્ના સોસાયટી મોરબી, સરતાજભાઇ સલીમભાઇ અંસારી રહે.જોસનગર જુના બસ સ્ટેંડ પાછળ મોરબી, ચીરાગભાઇ રાયવજીભાઇ પટેલ રહે.મહેંદ્રનગર સી.એન.જી. પંપ પાછળ પ્રકૃતિ સોસાયટી, ફીરોજભાઇ મહમદ હુસેન સીપાઇ રહે.વાવડી રોડ કારીયા સોસાયટી મોરબી તથા સોયેબભાઇ સુ

ધનુકા એગ્રીટેકે, ટાર્ગા સુપરના ૨૫ ભવ્ય વર્ષોની ઉજવણી કરી; નેક્સ્ટ-જેન ફૂગનાશક મેલોડી ડુઓ રજૂ કરે છે

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ, ગુજરાત, ૨૨મી મે, ૨૦૨૫ ધનુકા એગ્રીટેક લિમિટેડ, ભારતની એક અગ્રણી એગ્રી-ઇનપુટ કંપનીએ તેની જાણીતી હર્બિસાઈડ બ્રાન્ડ ટાર્ગા સુપરના ૨૫ વર્ષની ઉજવણી સાથે એક મહત્વપૂર્ણ સિમાચિહ્ન હાંસિલ કર્યું છે. આ એક ઉત્પાદન કરતા કંઈક વધુ છે, જે ટાર્ગા સુપર એક વારસો રજૂ કરે છે. ટાર્ગા સુપર નવીનતા તથા વિશ્વાસના વારસાને આગળ વધારે છે, જે જાપાનના નિસાન કેમિકલ કોર્પોરેશનના અત્યાધુનિક વિજ્ઞાનમાંથી ઉદ્ભવે છે અને ધાનુકા એગ્રીટેકની ભારતીય ખેડૂતો પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાથી મજબૂત બને છે.

આ સિમાચિહ્નરૂપ ઉજવણી એ એક પ્રોડક્ટ કરતા વધુ નવીનતા, સહયોગ તથા ભારતીય કૃષિ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાના વારસાને સન્માનિત કરે છે. આ પ્રવાસને ધાનુકા એગ્રીટેક લિમિટેડના સ્વપ્નદ્રષ્ટા અગ્રણી રાહુલ ધાનુકા- મેનેજિંગ ડિરેક્ટર, પવન સારાઓગી- પ્રેસિડેન્ટ, પ્રમોદ કનોડિયા- સેલ્સ હેડ, ગુજરાત તથા સીએન પટેલ- સિનિયર ડીજીએમ આગળ વધારી રહ્યા છે. નિસાન કેમિકલ કોર્પોરેશનના જાપાની પ્રતિનિધીઓ ઉચિયામા સાન- ઇન્ટરનેશનલ ઓપરેશન્સના હેડ, મિઉરા સાન, જનરલ મેનેજર તથા ડો. આર. કે. યાદવ સાન- મેનેજિંગ ડિરેક્ટર, વૈશ્વિક સહયોગ તથા નવીનતાની ભાવનામાં વધારો કરવા હાજરી આપી હતી. તેમની વ્યૂહાત્મક આંતરદ્રષ્ટિ તથા અતૂટ સમર્પણે સમગ્ર દેશમાં ગુણવત્તા, પ્રદર્શન તથા વિશ્વસનીયતાના પ્રતિક તરીકે ટાર્ગા સુપરને સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

આ જ ઇવેન્ટમાં ધનુકા એગ્રીટેક લિમિટેડએ એક વૈશ્વિક બ્રાન્ડ સાથે નીતિગત હસ્તગતને અનુસરીને મેલોડી ડુઓ- એક વૈશ્વિક સ્તરે જાણિતી ફૂગનાશક પણ રજૂ કરી છે. મેલોડી ડુઓએ એક શક્તિશાળી ફૂગનાશક છે, જે નિવારક અને ઉપચારક બંને પ્રકારે કામમાં આવે છે. પરંપરાગત ફૂગનાશકથી અલગ, મેલોડી ડુઓ ફૂગના વિવિધ તબક્કાઓ પર કામગીરી કરે છે, જેનાથી ફૂગના જીવનચક્રને અસરકારક રીતે તોડી શકાય છે અને તેનો વધુ ફેલાવો અટકાવી શકાય છે.

આ કાર્યક્રમમાં ગુજરાતભરના મુખ્ય વિતરકોને એક ખાસ ડિસ્ટ્રિબ્યુટર મીટ માટે ભેગા કરવામાં આવ્યા હતા, જે ભૂતકાળની સિદ્ધિઓની ઉજવણી કરવા તથા ભવિષ્યના વિકાસની તકો માટે સહયોગી રીતે વ્યૂહરચના બનાવવા માટેનું એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

''વિવિધ પાકોમાં સોયાબીનના દ્રાવણથી વિશ્વસનીય હર્બિસાઈડ સુધીનો ટાર્ગા સુપરનો પ્રવાસ ભારતીય ખેડતો માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેની સફળતાની વાર્તાએ જાપાનના નિસાન કેમિકલ કોર્પોરેશનના અદ્યતન નવીનતા તથા ધાનુકા એગ્રીટેકની ભારતીય કૃષિ પ્રત્યેની સમજણ, નિંદણ વ્યવસ્થાપનના પડકારોનો સામનો કરવા માટે ઉત્પાદનને અનુકૂલન તથા મજબૂત બનાવવા વચ્ચેના સીમલેસ સહયોગનો પૂરાવો છે.'' ધાનુકા એગ્રીટેક લિમિટેડના પ્રમુખ પવન સારાઓગીએ જણાવ્યું હતું.

નવીનતમ અને કૃષિ કેન્દ્રિત ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ધાનુકા એગ્રીટેક લિમિટેડ ભારતના કૃષિ પરિવર્તનના આગામી પ્રકરણનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. ટાર્ગા સુપરના ૨૫ વર્ષના વારસા પર નિર્માણ કરીને અને મેલોડી ડુઓ જેવા ગ્રાઉન્ડબ્રેકિંગ ઉત્પાદનો રજૂ કરીને કંપની ટકાઉ વિકાસને આગળ વધારવા, પાક સંરક્ષણ વધારવા તથા ભારતના ખેડૂત સમુદાય મેટ સમૃદ્ધ અને સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા સમર્પિત છે.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના કનેસરા - ૨ ડેમમાં ૩. ૫.૯૨ કરોડના ખર્ચે થનારા પાઈપ કેનાલના બાંધકામનું ખાતમુહૂર્ત

રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે સૌરાષ્ટ્રભરના સુકા વિસ્તારો લીલાછમ્મ બન્યા છેઃ કુંવરજીભાઇ

મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જસદણ તાલુકામાં કનેસરા ગામ નજીક કનેસરા - ૨ ડેમમાં રૂ. ૫,૯૨,૫૬,૮૦૦ના ખર્ચે થનારા પાઇપ કેનાલના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું હતું. કનેસરા ગામ પાસે ભાદર નદીની પ્રશાખા પર કનેસરા - ૨ નાની સિંચાઈ યોજના બનાવવામાં આવી છે. જેમાં અન્ડર ગ્રાઉન્ડ પાઇપ નહેરમાં કુલ ૩૯ વેલ કૂવા બનાવવામાં આવશે, જેમાંથી ખેડૂતો સિંચાઈ હેતુસર પાણી લઈ શકશે.

આ તકે મંત્રીએ જણાવ્યું હતું કે અહીં વર્ષો પહેલા ગામલોકોની તળાવ બનાવવાની માંગણી હતી, ખેડૂતોને સિંચાઈનું પાણી સહેલાઈથી મળી રહે, તે માટે વર્ષ ૨૦૨૨માં ડેમ બનાવવામાં આવ્યો, હવે ટૂંક સમયમાં કેનાલ પણ બની જશે. જેની વિશેષતા એ છે કે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના નહેર બનાવવામાં આવશે અને પાકને થયેલા નુકસાનનું વળતર પણ આપવામાં આવશે. આ ભૂમિગત પાઇપલાઇનથી કનેસરા અને કુંદણી ગામની ૧૬૮.૬૪ હેક્ટર જમીનને સિંચાઈના પાણીનો લાભ મળશે. ગુજરાત સરકારની જલ જીવન મિશન, સૌની યોજના સહિતની યોજનાઓના પરિણામે જસદણ - વિંછીયા પંથકમાં ક્યાંય પીવાના પાણી અને સિંચાઈના પાણીની મુશ્કેલી રહી નથી. રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે સૌરાષ્ટ્રભરના સુકા વિસ્તારો લીલાછમ્મ બન્યા છે.

આ કાર્યક્રમમાં મંત્રીનું ફૂલહાર અને પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. અધિક્ષક ઇજનેર પ્રેક્ષાબેન ગોસ્વામીએ સ્વાગત પ્રવચન અને કાર્યપાલક ઇજનેર બી. પી. ભીમજીયાણીએ આભારવિધિ કરી હતી. આ તકે સિંચાઈ વિભાગના કર્મચારીઓ, અગ્રણીઓ અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

''પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન''

સામાજિક વનીકરણ રેન્જ, કોટડાસાંગાણી દ્વારા મહારાણા પ્રતાપ સ્કૂલમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

મુખ્ય સમાચાર, રાજકોટ

કોટડાસાંગાણીમાં આવેલી મહારાણા પ્રતાપ સ્કૂલ કેમ્પસમાં સામાજિક વનીકરણ રેન્જ, કોટડાસાંગાણી દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત પ્રી-કેમ્પેઈનનાં ભાગરૂપે પ્રદૂષણ અટકાવવા માટે પ્લાસ્ટિક એકત્રીકરણ તથા 'ending plastic pollution globally'નો પ્રચાર થાય તે હેતુથી તા.૨૫ ના રોજ મહારાણા પ્રતાપ સ્કૂલ કેમ્પસમાં સામાજિક વનીકરણ રેન્જ, કોટડાસાંગાણી દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

આ અભિયાનમાં ગામના આગેવાનો, ગામના લોકો તથા કોટડાસાંગાણી તાલુકાની અલગ-અલગ કચેરીઓના અધીકારીઓ તથા કર્મચારીઓ દ્વારા મહારાણા પ્રતાપ સ્કૂલના કેમ્પસમા પ્લાસ્ટિક તેમજ કચરો એકઠો કરી કાર્યક્રમની ઉજવણી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

આ સાથે લોકોને પ્લાસ્ટિકના નુકશાન વિશે સમજ આપતા ગામ લોકોએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા શપથ લીધા હતા.

દીવ ખાતે ખેલો ઇન્ડિયા અંતર્ગત બીચ ગેમમાં ગુજરાતની બીચ સોકર ગર્લ્સ ટીમે સિલ્વર મેડલ મેળવ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

ખેલાડીઓને રાષ્ટ્રીયસ્તરે રમતગમત માટે પ્રોત્સાહન આપવા ખેલો ઇન્ડિયા શ્રેષ્ઠ માધ્યમ પુરવાર થયું છે. ભારત સરકારના યુવા, સાંસ્કૃતિક અને રમત વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ગત તા. ૧૯ મેથી તા. ૨૪ મે સુધી ખેલો ઇન્ડિયા અંતર્ગત દીવ ખાતે 'ખેલ કે સિતારે, દીવ કે કિનારે' સૂત્ર સાથે બીચ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વુમન કેટગરીમાં ગુજરાતની બીચ સોકર ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સિલ્વર મેડલ મેળવ્યો હતો અને ગુજરાત રાજ્યનું નામ રાષ્ટ્રીયસ્તરે રોશન કર્યું હતું, તેમ યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

મુખ્ય સમાચાર, રાજકોટ

ભારત મોસમ વિજ્ઞાન વિભાગ અંતર્ગત મોસમ વિજ્ઞાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્ય, દીવ, દમણ અને દાદરાનગર હવેલી માટે તા. ૨૪થી તા. ૩૦ મે દરમિયાનના હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આ દિવસો દરમિયાન રાજકોટ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના રહેલી છે, તેમ મોસમ વિજ્ઞાન કેન્દ્ર, અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

દેરડી ગામે પ્લાસ્ટિક એકત્રીકરણ સહ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

કાપડ- કાગળ જેવા જમીનમાં ભળી જતા વિકલ્પોનો ઉપયોગ કરવા અપીલ કરાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

સમગ્ર જિલ્લામાં પર્યાવરણને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરાયું છે. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે યોજાયેલા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે આંગણવાડી બસ સ્ટેન્ડ અને આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય કર્મીઓ, આંગણવાડી બહેનો અને ગ્રામજનો દ્વારા રોડ, ઝાડી ઝાંખરાઓમાંથી પ્લાસ્ટિક એકત્ર કરી તમામ જગ્યાઓ અને આસપાસના સ્થળોને સ્વચ્છ કરવામાં આવ્યા હતા.

સરપંચ અને તલાટી દ્વારા ગ્રામ લોકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી, પ્લાસ્ટિકના ઉપયોગથી થતા રોગ વિશે જણાવી પ્લાસ્ટિકના બદલે કાપડ અને કાગળની થેલીઓ અને વિવિધ બનાવટોનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. આ સાથે ગ્રામ વિસ્તારમાં સહજ પ્રાપ્ય એવા કેળ, ખાખરાના પાનની બનાવટોના વિકલ્પો વિશે પણ ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામે વાડીમાં ચાલવા પ્રશ્ને ફાયરિંગ

ગોળી છૂટતાં જ યુવકે પોતાનો બચાવ કરી લાકડીથી વળતો હુમલો કરતા ફાયરિંગ કરનારને રાજકોટ ખસેડ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

ગોંડલના ઘોઘાવદર ગામે ખાંડાધાર ગામની સીમમાં આવેલી વાડીમાં ચાલવા પ્રશ્ને ઘણા સમયથી બે લોકો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હોય આખરે આ મુદ્દે વાત ફાયરિંગ સુધી પહોંચી જતાં નાના એવા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. બીજી બાજુ જેણે ફાયરિંગ કર્યું તેને માથામાં લાકડી લાગી જતાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે વલ્લભભાઈ નાજાભાઈ મકવાણા (ઉ.વ.૫૫એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ગત ૨૪ મેએ ખાંડાધાર ગામની સીમમાં આવેલી પોતાની વાડીએ દીપક મોહનભાઈ ડાભી (રહે. ગોંડલ), લાલજી તખુભાઈ અને કરશન ૧ સહિતના સહિતના ટ્રેક્ટર ટ્રેક્ટર લઈને ધસી આવ્યો હતો. આ પછી વલ્લભભાઈ તેમજ તેમનો પુત્ર સુભાષ વાડીએ પહોંચ્યા હતા. વદાભભાઈ અને દીપક ડાભી વચ્ચે રસ્તાનો વિવાદ ચાલી રહ્યો હોય એ જ રસ્તે દીપક સહિતના ઉભા હોય તેમને રસ્તાનો ઉકેલ ન આવે ત્યાં સુધી અહીં ઉભા ન રહેવા કે ચાલવાની ના પાડી હતી.

આ પછી થોડી જ વારમાં દીપક ડાભી જોટો બંદૂક લઈને ધસી આવ્યો હતો અને માથાકૂટ કરી 'તને ભડાકે દઈ દેવો છે' કહીને નાળચું વલ્લભભાઈ તરફ કરી ફાયરિંગ કરતાં ગોળી વલ્લભભાઈની બાજુમાંથી નીકળી ગઈ હતી. આ વેળાએ વલ્લભભાઈનો પુત્ર સુરેશે ત્યાં દોડી આવીને દીપક સાથે ઝપાઝપી કરી લાકડીનો ઘા માર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ વાડીમાં રસ્તા બાબતનો વિવાદ ઘણા લાંબા સમયથી ચાલી રહ્યો હોય અને આ અંગેનો કેસ મામલતદાર-ગોંડલ સમક્ષ ચાલતો હોય હજુ સુધી તેનો નિર્ણય આવ્યો નથી આમ છતાં દીપક ડાભી અને તેના માણસો અહીંથી ચાલી રહ્યા હોય માથાકૂટ થઈ હતી.

બાલાજી હોસ્પિટલની મહિલા તબીબે એનેસ્થેટિક ડ્રગનો ઓવરડોઝ લઈને મોત મીઠું કરી લીધુ

પતિએ કહ્યું, બન્ને વચ્ચે કોઈ તકરાર ન્હોતીઃ માતા-પિતાના પણ કોઈ ઉપર આક્ષેપ નહીં, હવે હોસ્પિટલના અન્ય તબીબો અને સ્ટાફની પૂછપરછ કરશે પોલીસ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના એસ.ટી.બસપોર્ટ પાછળ આવેલી બાલાજી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં બે વર્ષથી આઈસીયુ આસિસ્ટન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતાં મહિલા તબીબે એનેસ્થેટિક ડ્રગનો ઓવરડોઝ લઈને મોત મીઠું કરી લેતાં તબીબી ક્ષેત્રમાં ચકચાર મચી જવા પામી હતી સાથે સાથે આ પગલું ભરવા પાછળનું કારણ શું હશે તેને લઈને પણ તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. બીજી બાજુ પોલીસ હજુ આપઘાત પાછળનું કારણ શોધી શકી ન હોય રહસ્ય વધુ ઘેરું બની ગયું છે.

મોરબી રોડ પર રોણકી ગામે રહેતી અને બાલાજી હોસ્પિટલમાં તબીબ તરીકે નોકરી કરતી એન્જલ ધવલભાઈ મોલિયા (ઉ.વ.૨૭)એ ૨૧એ એનેસ્થેટિક ડ્રગનો ઓવરડોઝ લઈ લેતાં હોસ્પિટલમાં જ ઢળી પડતાં તેને ત્યાં જ દાખલ કરવામાં આવી હતી. ચાર દિવસ સુધી સારવાર ચાલ્યા બાદ કારગત નહીં નિવડતાં શનિવારે એન્જલનું મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આ અંગે એસીપી બી.જે.ચૌધરીએ જણાવ્યું કે એન્જલે આ પગલું શા માટે ભર્યું તે અંગે કારણ સામે આવ્યું નથી. પોલીસ દ્વારા એન્જલના પતિ કે તે પણ બીએચએમએસ ડૉક્ટર છે તેની પૂછપરછ કરવામાં આવતાં ધવલે પણ એન્જલ સાથે કોઈ પ્રકારની તકરાર ન હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત એન્જલના માતા-પિતાએ પણ કોઈ પ્રકારનો આક્ષેપ ન કર્યો હોવાથી આખરે એન્જલે આ પગલું શા માટે ભરી લીધું તે જાણવું પોલીસ માટે પણ કપરું બની ગયું છે.

હવે પોલીસ દ્વારા બાલાજી હોસ્પિટલના અન્ય તબીબો અને સ્ટાફની પૂછપરછ કરવામાં આવ્યા બાદ કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાશે તેવું એસીપીએ જણાવ્યું હતું.

પતિ સાથે સીમ કાર્ડ બાબતે ઝઘડો થતાં પત્નીનો આપઘાત

ગૌતમનગરમાં બિમાર પિતાની ઉપાધિમા માસ પૂર્વે જ લગ્નગ્રંથીમાં જોડાયેલી પુત્રીએ જીવન ટૂંકાવી લીધું

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં પતિ સાથે સીમ કાર્ડ બાબતે ઝઘડો થયા બાદ નેપાળી પરણિતાએ આપઘાત કરી લીધો છે. જ્યારે ગાંગાય વિસ્તારમાં આવેલા ગૌતમનગરમાં બીમાર પિતાની ઉપાધિમાં હજુ ૧૧ માસ પૂર્વે જ લગ્નગ્રંથીમાં જોડાયેલી પુત્રીએ ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી છે.

આ અંગે ની વિગતો મુજબ, નાનામૌવા રોડ પર આવેલ આશ્રય એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં રહેતી સપના દિનેશભાઈ રાણા ઉ.૨૫ નામની નેપાળી પરણિતાએ સવારે પોતાની ઓરડીમાં લોખંડના એંગલમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. એપાર્ટમેન્ટના રહીશોને અંગે જાણ થતાં તુરંત જ ૧૦૮ને જાણ કરાઈ હતી. તબીબે પરણીતાને મૃત જાહેર કરી બનાવની જાણ પોલીસને કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, મૃતક સપનાને પતિ દિનેશ સાથે સીમકાર્ડ બાબતે વહેલી સવારે ઝઘડો થયો હતો જે બાદ દિનેશ ચા પીવા બહાર જતો રહ્યો હોય ત્યારે પાછળથી તેણીએ આ પગલું ભરી લીધું હતું. વધુમાં પરણીતાના માવતર નેપાળ રહેતા હોય જેથી તેઓના આવ્યા બાદ વધુ હકીકત સામે આવશે. બીજા બનાવમાં, ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ગૌતમનગર ૩ રહેતી રચનાબેન કેવલભાઈ પરમાર ઉ ૨૮ નામની પરણિતાએ ઘરે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી છે. ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પરેશ પટેલ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતક રચનાના લગ્ન ૧૧ મહિના પહેલા કેવલ સાથે થયા હતા જે બાદ બંને દંપતી તેણીના માવતર એટલે કે મૃતકના પિતાના ઘરે રહેતા તેણીના આ બીજા લગ્ન છે. મૃતક રચનાના પિતા ભીખુભાઈને કેન્સરની બીમારી હોય તેમ જ બે દિવસ પૂર્વે તેઓને અકસ્માતમાં ઈજા થઈ હતી.જેથી પિતાની ઉપાધિમાં તેણીએ આ પગલું ભરી લીધું હતું. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

દેવનગરમાં ચાર મહિના પૂર્વે અવસાન પામેલા દાદીના વિયોગમાં પૌત્રીનો આપઘાત

મુખ્ય સમાચાર, રાજકોટ

નાનામૌવા રોડ પર આવેલ દેવનગરમાં ૪ મહિના પૂર્વે અવસાન પામેલા દાદીના વિયોગમાં પૌત્રીએ ગળાફાંસો ખાઈ જિંદગી ટુંકાવી લીધી છે. બે ભાઈની લાડકવાઈ બહેનના મોતથી પરિવારમાં ઘેરો કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો. આ અંગે ની મળતી માહિતી મુજબ, દેવનગરમાં રહેતા ભરતભાઈ વાઘેલાની ૧૬ વર્ષીય પુત્રી ભાવનાએ ઘરે રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હોય જે અંગે પરિવારને જાણ થતા તુરંત જ ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. તબીબી સ્ટાફે સગીરાને જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. બનાવની જાણ થતાં જ માલવિયા પોલીસ મથકના પીએસઆઈ સી.પી. રાઠોડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક ભાવનાને દાદી પ્રત્યે ખુબ જ લગાવ હતો ૪ માસ પૂર્વે તેણીના દાદી બિમારીમાં અવસાન પામેલા હોય ત્યારથી તે ગુમસુમ રહેતી જેથી દાદીના વિયોગમાં આ પગલું ભરી લીધું હોવાની આશંકા છે. મૃતકના પિતા સેન્ટ્રિંગ કામ કરે છે. બે ભાઈની લાડકવાઈ બહેનના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે.

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના મૃતકોને કેન્ડલ માર્ચ યોજી શ્રધ્ધાંજલિ અપાઈ

તસવીર : આનંદ જાવીયા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગઇકાલે ૨૫ મે ૨૦૨૫ ના ટીઆરપી ગેમ ઝોનના અગ્નિ કાંડ ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રાજકોટના જિલ્લા પંચાયત ચોક ખાતે મૃતાત્માઓને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવા કેન્ડલ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મૃતકના પરિવારજનો અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો અને કાર્યકર મિત્રો જોડાયા હતા વડગામના ધારાસભ્યો જીગ્નેશભાઈ મેવાણી, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી ડોક્ટર હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, નરેન્દ્ર ભાઈ સોલંકી, રોહિતસિંહ રાજપુત, દીમિબેન સોલંકી સહિતના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

માળીયા(મી)ના જાજાસર ગામ નજીક રૂ. ૧૪.૧૫ લાખના શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રોડક્ટ સાથે પરપ્રાંતીય શખ્સની અટક

જાજાસર ગામની સીમમાં બોલેરો ગાડીમાં તથા ગુપ્ત જગ્યાએ સંગ્રહિત શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રોડક્ટનો જથ્થો મળ્યો

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) પોલીસની સઘન કામગીરી દરમિયાન જાજાસર ગામે આવેલ આરબ સોલ્ટ નામના મીઠાના કારખાના નજીકથી બોલેરો ગાડીમાં આવેલા શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રોડક્ટ સાથે રૂ. ૧૪,૧૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક રાજસ્થાની શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી પાસેથી લાયસન્સ વિનાનું ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગમાં લેવાતું ઓઈલ હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ કાયદેસરની કાર્યવાહી સાથે આગળની તપાસ શરૂ કરી છે.

માળીયા(મી) તાલુકાના જાજાસર ગામની સીમમાં આવેલી આરબ સોલ્ટ નામની મીઠાના કારખાના નજીકથી શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રોડક્ટ સાથે એક શખ્સને માળીયા(મી) પોલીસ ટીમે ઝડપી પાડ્યો છે. પોલીસ સર્વેલન્સ સ્ટાફ નાઇટ રાઉન્ડ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે જાજાસર ગામની સીમમાં આવેલા આરબ સોલ્ટ પાસે બોલેરો ગાડી અટકાવી તપાસ કરતાં ગાડી ચાલક પાસે લાયસન્સ કે પરમીટ ન હોવાની સાથે વધુ પૂછપરછમાં મળ્યું કે ગાડીમાં ભરેલો પેટ્રોલિયમ પ્રોડક્ટ આરબ સોલ્ટના નજીક લોખંડના બે ટાંકામાં સંગ્રહિત છે. ત્યારે પોલીસે તપાસ કરતા બોલેરો ગાડીમાં આશરે ૧૦૦૦ લીટર ઈન્ડસ્ટ્રીયલ ઓઈલના નામે ભરેલું પેટ્રોલિયમ પ્રોડક્ટ, કિંમત અંદાજે રૂ. ૭૦,૦૦૦/-, બોલેરો ગાડીની કિંમત રૂ. ૨,૦૦,૦૦૦/- બે લોખંડના ટાંકામાં આશરે ૧૩૫૦૦ લીટર પેટ્રોલિયમ પ્રોડક્ટ, કિંમત રૂ. ૯,૪૫,૦૦૦/- ટાંકાની કિંમત રૂ. ૨,૦૦,૦૦૦/- કુલ કિ.રૂ. રૂ. ૧૪,૧૫,૦૦૦/- જેટલો મુદ્દામાલ મળી આવ્યો છે. આ તમામ મુદ્દામાલ સાથે આરોપી અશોકકુમાર છોટુરામ ચૌધરી ઉવ.૩૯ રહે. જાજાસર ગામની સીમમાં મુળરહેવાસી રાજસ્થાન વાળાની માળીયા(મી) પોલીસે અટક કરી આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

બેલા ગામ નજીક ઈટાલેક સિરામિકના ક્વાર્ટરમાં સુતેલા શ્રમિકનું નિદ્રામાં અચાનક મરણ

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલી ઈટાલેક સિરામિક કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા ૫૬ વર્ષીય શ્રમિક સુતા હોય જે બાદ ઉઠ્યા નહિ ત્યારે પરિવારજનો દ્વારા ચેક કરતાં તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યું હતું. હાલ તાલુકા પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી છે. મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલી ઈટાલેક સિરામિક કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા શ્રમિક ગોપાલ મનો ઉર્ફે કરન મરંટી ઉવ.૫૬ મૂળ ઓડિશાના મયુરભંજ જીલ્લાના બાગાબંદી ગામના વતની હતાં. તેઓ મજૂરી કામ માટે મોરબીમાં આવી કારખાનામાં કામ કરતા હતા. તા. ૨૩ મે ૨૦૨૫ના કોઈક સમયે તેઓ લેબર ક્વાર્ટરમાં સૂઈ ગયા હતા. તેમની સાથે રહેલા પરિવારજનો અને સાથી શ્રમિકોએ જોયું ત્યારે તેઓ ઉઠ્યા ન હતા. જેથી ચેક કરતા ગોપાલભાઈનું કોઈ કારણોસર મરણ થયું હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે મૃતકના પત્ની તુરશી ગોપાલ મરંટી સહિતના પરિવારજનોએ તાત્કાલિક મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસ સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

૩.૨૫ લાખની ખંડણીની માંગ કરવાના કેસમાં સોશ્યલ રીપોર્ટર્સના તંત્રીને જામીન મુક્ત કરતી કોર્ટ

મુખ્ય સમાચાર, રાજકોટ

આ કામના ફરીયાદીએ તારીખ ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ ડી.સી.બી પોલીસ સ્ટેશનમા આરોપી તરીકે આશિષ ડાભી, એજાજ અને ધર્મેશ તથા ફરીયાદીની શૌક્ષણીક સંસ્થામાં સી.સી.ટી.વી ફીટ કરનાર માણસ તરીકે નામજોગ ફરીયાદ આપેલ હોય તેમજ આ કામે પોલસે બી.એન.એસની કલમ ૩૦૮(૫), ૬૧(૨),૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬બી,૬૬ઈ,૬૭,૬૮(એ) મુજબનો ગુન્હો આરોપીઓ સામે નોધાયેલ હોય અને આરોપીની તારીખ ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ અટક કરી અદાલતમા રજુ કરતા પોલીસે રીમાન્ડ માગતા આરોપીઓના ૨૨/૦૫/૨૦૨૫ સુધીના રીમાન્ડ મેળવી તારીખ ૨૨/૫/૨૦૨૫ ના રોજ અદાલતમા રજુ કરતા આરોપીના વકિલે કરેલ જામીન અરજી દયાને લઈ આરોપીને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ

હતો.

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે ડી.સી.બી પોલીસ સ્ટેશનમા આરોપી તરીકે આશિષ ડાભી, એજાજ અને ધર્મેશ તથા ફરીયાદીની શૌક્ષણીક સંસ્થામાં સી.સી.ટી.વી ફીટ કરનાર માણસ તરીકે નામજોગ ફરીયાદ આપેલ અને સદરહુ ફરીયાદ મુજબ ફરીયાદી યશપાલસિંહ સિંધુભા ચુડાસમાએ બી.એન.એસની કલમ ૩૦૮(૫),૬૧(૨),૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬બી, ૬૬ઈ, ૬૭, ૬૮(એ) મુજબની ફરીયાદ લખાવેલ હતી જેમા આરોપીઓ કાવતરુ રચી ફરીયાદીના શૈક્ષણીક સંસ્થામા સી.સી.ટી.વી કે જે ચેમ્બરના વિડીયો સોશ્યલ રીપોર્ટર્સ સાંદય દૈનકમાં '' રાજકોટની રામાપીર ચોકડી નજીક લાખના બંગલા પાસે આવેલ નામાંકિત સ્કુલનો વિડીયો થયો વાયરલ'' તેવુ લખેલ ફોટો ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામમા અપલોડ કરી ફરીયાદીના મીત્ર અનિરૂધ્ધભાઈ નકુમ મારફત તેમજ ધર્મેન્દ્રસિંહ વાળા મારફતે વિડીયો વાયરલ નહી કરવા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/-ની માંગણી કરેલ હતી જેથી આરોપી તરીકે આશિષ ડાભી, એજાજ અને ધર્મેશની અટક કરી રીમાન્ડ મેળવી નામદાર કોર્ટમા રજુ કરતા અને સોશ્યલ રીપોર્ટર્સના તંત્રી આશિષભાઈ ડાભી વતી રોકાયેલ એડવોકેટ મારફત કરેલ જામીન અરજીની દલીલ કે જેમા મુખ્યત્વે આ કામે દલીલ કરેલ કે આરોપીએ આ કામે ફરીયાદીનો સંપર્ક કરેલ નથી, ફરીયાદીએ પોતે શૌક્ષણીક સંસ્થા એટલે કે જે મંદિર જેવુ પવીત્ર સ્થાનમા આવા બીભત્સ વિડીયો આવતા હોય અને બાળકો ઉપર શુ અસર થશે અને પોલીસ આવા બીભત્સ વિડીયો વાળા ઉપર કોઈ કાર્યવાહી કરેલ કે કેમ, આ કામનો ફરીયાદી પોતાના બચાવ માટે આવી ખોટી ફરીયાદ ઉભી કરેલ છે, બનાવની ફરીયાદ જ ગોઠવણ કરી ઉભી કરેલ છે. પોલીસ મારફત ખોટો કેસ કરેલ છે. આ કામે ખંડણી જેવી ખોટી કલમો લગાડેલ હોય,અને આ કામે બી.એન.એસની કલમ ૩૦૮(૫) જે ખરેખર આ કામમા આવી કલમ લાગતી ન હોય, ફરીયાદીએ પોતાની બદનામીથી બચવા માટે આવી ખોટી રીતે કેસ કરેલ છે. સોશ્યલ રીપોર્ટર્સના તંત્રી આશિષભાઈ ડાભીએ બોગસ પત્રકાર નથી જે નોધાયેલ ન્યુઝ પેપર છે, વિગેરે દલીલોથી સોશ્યલ રીપોર્ટર્સના તંત્રી આશિષભાઈ ડાભીને અદાલતે તાત્કાલીક જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ હતો.

આ કામમા આરોપી વતી સીનીયર એડવોકેટ પીયુષ એમ. શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, રણજીત બી. મકવાણા, જીગ્નેશ એમ. સભાડ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ ક થી રૂ રિ યા , વિ જ ય ભા ઈ પટગીર,જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, યોગેશ જાદવ, તેમજ મદદનીશમા અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા, રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા, સંજયભાઈ મેરાણી, તથા મીહીરભાઈ શાહ રોકાયેલ હતા.

સ્કુલ સંચાલકના અંગત પળોનો વિડીયો વાયરલની ધમકી આપતા ફરિયાદ નોંધાય'તી

નસેડી પતિના સિતમથી માસુમ બાળક સાથે ઘરેથી નિકળી ગયેલી પરિણીતાને આશ્રય અપાવતી ટીમ અભયમ

શાપરમાં રહેતી શ્રમિક પરિણીતાએ સંતાન સાથે રાત આખી ગોંડલ બસ સ્ટેશનમાં વિતાવી

મુખ્ય સમાચાર, રાજકોટ

શાપર-વેરાવળમાં પરિવાર સાથે મજુરી અર્થે આવેલી પરણીતાને તેનો પતિ દારૂના નશામાં મારકુટ કરી ત્રાસ ગુજારતો હોવાથી કંટાળેલી પરણીતાએ ઘરતર છોડી દીધું હતું. ગોંડલ બસસ્ટેશનમાં માસુમ બાળક સાથે રાત વિતાવનાર શ્રમિક મહિલાને ટીમ અભયમે આશ્રય અપાવ્યો હતો. ગોંડલ બસસ્ટેશનમાં એક મહિલા માસુમ બાળક સાથે બેઠા હોવાની અને તેણીને મદદની જરૂર હોવાની જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મદદની માંગણી કરી હતી. જાણ થતાં જ ગોંડલ ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કાઉન્સીલર ભૂમિબેન કુવાડિયા, એએસઆઈ પરવાનાબેન અને પાયલોટ લક્ષ્મણભાઈ કોડિયાતર તાત્કાલીક વાન સાથે ગોંડલ બસસ્ટેશન ખાતે દોડી ગયા હતાં. ૧૮૧ની ટીમે મહિલાનું કાઉન્સીલીંગ



કરતા મહિલા મુળ મહારાષ્ટના વતની છે. અને એકાદ વર્ષ પૂર્વે તેણીના લગ્ન થયા છે. અને હાલ તેણીને સંતાનમાં એક માસની બાળકી છે. મહિલા પતિ અને માસુમ બાળકી સાથે શાપર-વેરાવળમાં મજુરી કામ અર્થે આવી હતી. પરંતુ પતિ દારૂ પીવાની કુટેવ ધરાવતો હોવાથી દરરોજ બીભસ્ત ગાળો ભાંડી મારકુટ કરતો હતો. પતિના ત્રાસથી કંટાળેલી પરણીતા માસુમ બાળકી સાથે ઘરેથી નિકળી ગઈ હતી અને ગોંડલ બસસ્ટેશન ખાતે પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા પતિ સાથે સમાધાન કરાવવાનું કહેતા પરણીતાએ માવતરે જવાની જીદ પકડી હતી. જેથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા પરણીતાને માસુમ બાળકી સાથે ગોંડલ ખાતે શખીવનસ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો હતો. પરણીતાએ આશ્રો અપાવનાર ટીમ અભયમનો આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢમાં ૨.૫૫ કિલો ગાંજા સાથે બે શખસો ઝડપાયા

એક આરોપી અગાઉ પણ NDPS કેસમાં સંડોવાયેલોઃ આરોપીઓના રિમાન્ડ મેળવીને આગળની તપાસ હાથ ધરાશે

મુખ્ય સમાચાર, જૂનાગઢ

જૂનાગઢ એસઓજી અને એ ડિવીઝન પોલીસે મોટી સફળતા મેળવી છે. શહેરના વાલ્મિકી વાસ વિસ્તારમાંથી બે શખ્શોને ૨.૫૫૭કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજા સાથે પકડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં એક આરોપી અગાઉ પણ NDPS કેસમાં સંડોવાયેલો છે.

ગાંધીનગર રોડ પર એક વ્યક્તિ ગાંજો આપવા માટે ઉભો હતો ત્યારે બીજો વ્યક્તિ તેની પાસે ગાંજો લઈને પહોચ્યો હતો, જૂનાગઢ એસઓજીને ચોક્કસ બાતમી મળી હતી તે મુજબ વાલ્મિકી વાસ વિસ્તારમાં જાળ બીછાવવામાં આવી હતી જેથી પોલીસ દ્વારા ભરત ઉર્ફે પુરાના વાલજીભાઈ બગડા (ઉ.૪૦) રહે. જૂનાગઢ અને રમેશ ઉર્ફે ગીરનારી ઉર્ફે ભોલે બીજલભાઈ મેર(ઉ.૪૬), રહે. ભાવનગરને બંનેને રંગેહાથ ઝડપવામાં આવ્યા છે. આ જમ કરવામાં આવેલા ગાંજાની બજાર કિંમત રૂ.૨૫,૫૫૭ છે.

હાલ પોલીસ દ્વારા બંને શખ્સો વિરુદ્ધમાં જૂનાગઢ એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં એકત હેઠળ ગુનો નોંધ્યો છે. અને આરોપીઓની પુછપરછ શરૂ કરવામાં આવી છે. તેઓ ક્યા વિસ્તારોમાં નશો વેચતા હતા અને ક્યાંથી લાવતા હતા તેની તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. તેમજ પોલીસ દ્વારા આરોપીઓના રિમાન્ડ મેળવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

ટીઆરપી અગ્નિકાંડની વરસીએ સરકારને સદ્ધબુદ્ધિ માટે કોંગ્રેસનો યજ્ઞ, કેન્ડલ માર્ચ

એક વર્ષ થયું છતા જવાબદાર શાસકો સામે નથી લેવાયા કોઈ પગલા, ૨૭ મૃતકોના આત્માની શાંતિ માટે મંત્રોચ્ચાર સાથે આહુતિ આપવામાં આવી

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં મહાનગરપાલિકા, પીડબ્લ્યુડી, પોલીસ તંત્ર રાજ્ય સરકારની ભ્રષ્ટ નીતિને પગલે હૃદય કંપાવનાર અગ્નિ કાંડની ઘટનાને એક વર્ષ પૂરું થયું છતાં પીડીત પરિવારોને હજુ સુધી ન્યાય મળ્યો નથી. જવાબદાર શાસકો કે ઉચ્ચ અધિકારીઓ સામે કડક કાર્યવાહી થઈ નથી. શાસકો તેમજ ઉચ્ચ અધિકારીઓને છાવરી લેવાયા છે. ૨૭ મૃતકોના આત્માની શાંતિ માટે તેમજ સરકારનેસદ્ધબુદ્ધિ માટે આજે યજ્ઞ યોજાયો હતો. તેમજ કેન્ડલ માર્ચ શહેર કોંગ્રેસ દ્વારા યોજવામાં આવી હતી.

કાલાવડ રોડ પર સયાજી હોટલ પાછળ ૨૫ મે ૨૦૨૪ ના બપોરે ચાર વાગે બનેલી અગ્નિકાંડની ઘટનાએ રાજ્યભરમાં હાહાકાર મચાવેલ આ અગ્નિકાંડ ની ઘટના બાદ પણ રાજ્ય સરકાર સંવેદનશીલ નથી બની શાસકો સામે કોઈ પગલા નથી લેવાયા કે નથી એવી સરકારની દાનત જણાતી.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે પિડીત પરિવારો માંથી એક વ્યક્તિને નોકરી મળે, અપૂરતી જે સહાય આપવામાં આવી છે તે સહાય પુરતી આપવામાં આવે, મોરબી કાંડ અને હરણી કાંડ જેટલી સહાયની રકમ રાજ્ય સરકાર ચૂકવે કોર્પોરેટર અને ધારાસભ્ય કે પદાધિકારીઓની સામે ફક્ત નિવેદનો નોંધી કલીન ચીટ આપી હતી ત્યારે પુન આ લોકોની સામે ફેર તપાસ કરી આરોપી બનાવે.

સંવેદનશીલ અને ગરીબોની વાતો કરનારી સરકાર ની બેદરકારીને બદલે આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ પણ હજુ થયો નથી. આરોપીઓ દ્વારા પોતાના વકીલો દ્વારા જાણી જોઈને કેસ લંબાવામાં આવી રહ્યો છે. ડે ટુ ડે કેસ ચલાવવાની અરજી ની હજુ કોઈ સુનવણી થઈ નથી. ધીમે ધીમે એક પછી એક આરોપીઓ છૂટી રહ્યા છે અત્યાર સુધીમાં ચાર આરોપીઓનો જમીન પર છૂટકારો થતા સરકાર ની નીતિ રીતી સામે પીડીત પરિવારોમાં પણ આક્રોશ ભભૂકયો છે.

હવનના કાર્યક્રમમાં તત્કાલીન સમયે ૧૫ દિવસ સુધી રાજકોટમાં ન્યાય માટેની લડત ચલાવનાર કોંગ્રેસના તમામ આગેવાનો તેમજ પીડિત પરિવારો યજ્ઞમાં આહુતિ આપવા માટે જોડાયા હતા.

ઘટેશ્વર ૨૫ વારિયામાં જૂની અદાવતમાં પરિવાર પર પાડોશી પરિવારનો હુમલો

ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર દંપતિ અને તેના બે પુત્રો વિરુદ્ધ ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

જામનગર રોડ ઉપર ઘટેશ્વર પચ્ચીસવારિયામાં રહેતા પરિવાર ઉપર જુની અદાવતનો ખાર રાખી પાડોશી પરિવારે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે દંપતિ અને તેના બે પુત્રો વિરુદ્ધ પોલીસ દફ્તરે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ ઉપર ઘટેશ્વર પાર્ક પચ્ચીસવારિયા ક્વાટરમાં રહેતા વલ્લભભાઈ નરશીભાઈ પરમારે તેમનીપાડોશમાં રહેતા કંચનબેન પ્રવિણાભાઈ પરમાર, નયન પ્રવિણાભાઈ પરમાર અને ધ્રુવ પ્રવિણાભાઈ પરમાર વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ દંપતિ અને તેના સંતાનો વલ્લભભાઈ પરમારના પુત્રી વિરુદ્ધ ખોટી વાતો કરતા હતાં જે અંગે સમજાવવા જતાં બોલાચાલી થઈ હતી. બાદમાં વલ્લભભાઈ પરમારના ઘર પાસે પાણી ભરાતુ હોવાથી વલ્લભભાઈ પરમાર અને તેમના પત્ની રેતી નાખવાની વાતચીત કરતા હતાં તે દરમિયાન પાડોશી પરિવારે ઝઘડો ક રી બિભત્સ ગાળો આપી ઝપાઝપી કરી હતી. અને ટાંટિયા ભાંગી નાખવાની અને છ્ટીના ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સરધાર ગામના પૂર્વ સરપંચની હત્યાનો ભેદ ઉકેલાયોઃ પત્નીને પજવતાં શેઠને પતિએ જ પતાવી દીધો'તો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેર ની ભાગોળે સરધાર ગામે આવેલી 'જામફળીવારી વાડી'માં ગામના પૂર્વ સરપંચ અને વાડીમાલિકની ત્રિકમનો એક ઘા મારી હત્યા નિપજાવેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ હત્યાને વાડીમાં જ મજૂર તરીકે કામ કરતાં શખ્સે અંજામ આપ્યો હોવાનું ખુલતાં પોલીસની અલગ-અલગ ટીમે તપાસ શરૂ કરતાં ક્રાઈમ બ્રાન્ચે મધ્યપ્રદેશથી આરોપીને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. મૃતક વાડીમાલિક મજૂરની પત્નીને ત્રણ મહિનાથી પજવી રહ્યો હોય તે જોઈ ન શકવાને શકવાને લીધે શેઠને પતાવી દીધા હોવાનું સામે આવ્યું હતું.

મૃતક હરેશ સાવલિયા સાથે હત્યાના આરોપી મનોજ તોતારામ પલાસે છ મહિના પહેલાં ૩૩% લેખે વાડીમાં ભાગીયું રાખ્યું હતું મતલબ

કંટાળીને ૨૦ દિવસ પહેલાં પત્ની મધ્યપ્રદેશ ચાલી જતાં ક્રોધિત પતિએ શેઠ એકલો મળે એની રાહ જોતો હતો

કે વાડીમાંથી જે પણ ઉપજ આવે તેનું વેચાણ થાય તેમાંથી જેટલી રકમ મળે તેમાંથી ૩૩% ભાગ મનોજને આપવાનું નક્કી કરાયું હતું. વાડીમાં મનોજ, તેની પત્ની, પિતા અને ભાઈ રહેતા હતા અને અહીં જ કામ કરી ગુજરાન ચલાવતા હતા. જો કે છેલ્લા ત્રણેક મહિનાથી વાડીની ઉપજના જે પણ પૈસા આવે તે પૈસા મનોજને આપવાની જગ્યાએ મૃતક હરેશ સાવલિયા તેની પત્નીને આપવાનો આગ્રહ રાખતાં સાથે સાથે મનોજની પત્નીને અલગ-અલગ વાડીએ બોલાવવાનો આગ્રહ રાખતાં મનોજને શંકા ગઈ હતી.

દરમિયાન ત્રણ મહિના દરમિયાન મૃતક હરેશ સાવલિયા પત્નીને પજવી રહ્યાનું અને શરીરસંબંધ બાંધવા માટે દબાણ કરતો હોવાનું જોઈ રહ્યો હતો પરંતુ હરેશ પાસેથી બાકી નીકળતા પૈસા લેવાના હોય કશું બોલી રહ્યો ન્હોતો. પત્ની દ્વારા મનોજને પજવણી અંગે અનેક વખત ફરિયાદ કરાઈ પરંતુ મનોજ કાંઈ જ કરી રહ્યો ન હોય આખરે ૨૦ દિવસ પહેલાં મનોજને મુકીને મધ્યપ્રદેશ ચાલી જતાં ક્રોધે ભરાયેલા મનોજે હરેશ સાવલિયા એકલો મળે એટલે તેનું ઢીમ ઢાળી દેવાનું નક્કી કર્યું હતું. ગત શુક્રવારે મોકો મળી જતાં હરેશ સાવલિયાને ત્રિકમનો એક જ ઘા મારીને મોતને ઘાટ ઉતારી દઈને મનોજ પહેલાં ચોટિલા અને ત્યાંથી અમદાવાદ પહોંચ્યો હતો. અમદાવાદથી ઈન્દોરની બસ પકડીને બહેનને ત્યાં છુપાઈ ગયો હતો ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.ડી.ડોડિયા, જયરાજ કોટિલા, રાજેશ જળુ, વિશાલ દવે સહિતની ટીમે દોડી જઈને મનોજ પલાસને પકડી પાડયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછમાં મનોજ પલાસે એવી કબૂલાત આપી હતી કે પત્ની પોતાની પજવણી થઈ રહ્યાની વારંવાર ફરિયાદ કરી રહી હતી પરંતુ દર વખતે હું તેને 'આપણે પૈસા લેવાના છે એટલે હમણાં કશું ન બોલાય' તેવું કહેતો હતો. જો કે હરેશ સાવલિયા દ્વારા છેડતી અને શરીરસંબંધ બાંધવા માટે જબરદસ્તી કરવાનું બંધ જ કરાતું ન હોય કંટાળીને ૨૦ દિવસ પહેલાં પત્ની મનોજને મુકીને ચાલી ગઈ હતી અને જતાં જતાં એમ પણ કહ્યું હતું કે 'તારામાં ત્રેવડ જ નથી.... આ સાંભળીને મનોજનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેણે હત્યાને અંજામ આપ્યો હતો.

સમૂહલગ્નનું આયોજન કરી ૨૮ યુગલને રઝળાવનાર મુખ્ય આયોજક ઝડપાયો

કૌભાંડની તમામ રકમ હજમ કરી જતાં સત્ય સાબિત કરાવવા બે દિવસના રિમાન્ડ પર લેવાયોઃ ત્રણ મહિના સુધી જેતપુર, સુરત સહિતના સ્થળે રોકાયા બાદ પત્નીને મળવા આવ્યો અને દબોચાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

રેલનગરમાં ઋષિવંશી સમાજ સેવા સંઘ-રાજકોટ દ્વારા આયોજિત સમૂહ લગ્નોત્સવમાં ૨૮ યુગલ પાસેથી ૩૦-૩૦ હજાર રૂપિયા પડાવવા ઉપરાંત દાતાઓ પાસેથી રકમ ઉસેડી લઈને યુગલ અને મહેમાનોને રઝળાવનાર મુખ્ય આયોજકની આખરે ત્રણ મહિને પોલીસે ધરપકડ કરી હતી. આ કાંડને અંજામ આપનારો ચંદ્રેશ જગદીશભાઈ છ્ત્રોલા છેલ્લા ત્રણ મહિનાથી ભાગતો ફરતો હતો. જો કે જેવો તે પત્નીને મળવા ઘરે આવ્યો કે પોલીસે દબોચી લીધો હતો.

આ અંગે પ્ર.નગર પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું કે ૨૨ ફેબ્રુઆરીએ ચંદ્રેશ છત્રોલાએ સહિતનાએ સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું જેમાંથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર આખામાંથી ૨૮ વર-વધૂએ નામ નોંધાવતાં દરેક યુગલ પાસેથી ૩૦-૩૦ હજાર મળી કુલ ૮.૪૦ લાખની રોકડ મેળવી લીધી હતી. આ

ઉપરાંત અલગ-અલગ દાતાઓ પાસેથી ચંદ્રેશને ૯૦ હજારથી એક લાખ જેટલી રકમ મળી હોવાનું તે અત્યારે રટણ કરી રહ્યો છે. આ સિવાય તેણે વર-કન્યા પક્ષ પાસેથી પ્રસંગમાં ૫૦થી વધુ આવનારા વ્યક્તિદીઠ ૧૦૦ રૂપિયા લેખે રકમ મેળવી લીધી હતી. જો કે લગ્નના દિવસે વર-વધૂ તેમજ મહેમાનો આવી ગયા હતા પરંતુ ચંદ્રેશ છત્રોલા સહિતના એક પણ આયોજક દેખાયા ન્હોતા અને ફરાર થઈ ગયા હતા.

ચંદ્રેશની ધરપકડ બાદ તેણે અલગ-અલગ રટણ કરવાનું ચાલું કર્યું હતું. પહેલાં તેણે કહ્યું કે દેવું થઈ જવાને કારણે તેણે આ કાંડ કર્યો હતો. ત્યારબાદ ફરી જઈને એવું કહેવા લાગ્યો હતો કે દાતાઓ તરફથી મોટી રકમ મળવાની આશા હતી અને તે રકમમાંથી તે કન્યાદાન માટેની વસ્તુ લાવવાનો હતો પરંતુ દાતાઓ દ્વારા અપેક્ષિત રકમ ન મળતાં આખરે તેણે ભાગવું પડયું હતું. એકંદરે તે પોલીસને ગોળ ગોળ ફેરવી રહ્યો હોય તેણે ઉઘરાવેલા પૈસા ક્યાં વાપર્યા તે સહિતની વિગતો ઓકાવવા બે દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યો છે. આ કાંડમાં અગાઉ દીપક હિરાણી, દિલીપ વરસડા, મનિષ વિઠ્ઠલપરા, દિલીપ ઉર્ફે દિલ્પેશ ગોહેલ અને હાર્દિક શિશાંગીયાની ધરપકડ કરી લેવામાં આવી હતી જ્યારે મુખ્ય આયોજક ચંદ્રેશ છત્રોલા ત્રણ મહિનાથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. ત્રણ મહિના દરમિયાન તે જેતપુર, સુરત સહિતના સ્થળોએ રોકાયો હોવાનો રટણ કરતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પેસેન્જરને રિક્ષામાં બેસાડી પૈસા ચોરી લેતી બેલડી ઝબ્બે

યુવકની નજર ચૂકવી પેન્ટના ખિસ્સામાંથી ૨૭,૨૦૦ તફડાવી લીધા'તા

મુખ્ય સમાચાર, અમદાવાદ

અમદાવાદના ઈસનપુર ચાર રસ્તાથી મિલ્લતનગર ઢાળ વચ્ચેના રસ્તે થવા પામી હતી જેમાં સામેલ બન્ને આરોપીઓને પોલીસે તાત્કાલિક પકડી પાડી રોકડ રકમ રિકવર કરી હતી.

૨૧ મેએ રાત્રે ૧૧ વાગ્યે સાબિર મુલ્લા (ઉ.વ.૪૪) નામના યુવક ઈસનપુર ચાર રસ્તા ખાતેથી એક રિક્ષામાં બેઠો હતો. આ દરમિયાન રિક્ષાચાલક અને પાછળ બેઠેલા એક શખ્સે સાબિરની નજર ચૂકવીને તેની પેન્ટના ખીસ્સામાંથી પર્સ અને તેમાં રહેલી ૨૭૨૦૦ની રોકડ તફડાવી લીધાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ નોંધાતાં જ એસીપી પ્રદીપસિંહ જાડેજા તેમજ ઈસનપુર પીઆઈ બી.એસ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.આર.સોલંકી સહિતની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે રિક્ષાનો નંબર શોધી કાઢ્યો હતો અને ત્યારબાદ પોકેટ કોપ મોબાઈલ એપ્લીકેશનની મદદથી આરોપીઓને પણ શોધી કાઢી ચોરીમાં વપરાયેલી રિક્ષા સાથે શાહરૂખ આબીદભાઈ શાહ (ઉ.વ.૩૦) અને ઝાહિદ સુલતાનભાઈ શેખને ૨૭૨૦૦ની રોકડ સાથે દબોચી લીધા હતા.

વેપારીઓ પાસે છુટા આપવાનું કહી પૈસા લઈ ભાગી જનાર ગઠીયો ઝડપાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ જેવા પોશ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી એક શખસ વેપારીઓને છુટા પૈસા આપવાનું કહી રૂપિયા લઈ ભાગી જતો હતો.પરંતુ રકમ વેપારીઓ માટે નાની હોય જેથી કોઈએ ફરિયાદ ન કરતા આરોપીની હિંમત વધી હતી અને આવા આઠ વેપારીઓને પોતાના શિકાર બનાવ્યા હતા. આખરે સયાજી હોટેલ સામે આવેલ એક જીમમાં ૨૦ હજારનો હાથ સાફ કરતા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

જે અંગે તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરીપરાની રાહબરી માં પીએસઆઈ એચ.એમ.મહારાજ સહિતના સ્ટાફે તપાસ કરતા હેડ કોન્સ્ટેબલ અજય ભૂંડીયા, કોન્સ્ટેબલ ઉગાભાઈ બાળા તેમજ અક્ષય નાથાણીને મળેલી બાતમીના આધારે રાજકોટ-

મોલ, જીમ, મેડિકલ જેવા મોટા વેપારીઓને જ ટાર્ગેટ કરતો, નાની રકમ હોવાથી કોઇ ફરિયાદ ન નોંધાવતા આરોપીની હિંમત વધી'તી

અમદાવાદ હાઈવે પર આણંદપર ગામ પાસે રહેતો સુનિલ ઉર્ફે સનો મૂળજીભાઈ જસમોડીયાને કાલાવડ રોડ માસુમ સ્કૂલ પાસેથી દબોચી લીધો હતો.

આરોપી પાસેથી પોલીસે રોકડ ૧.૧૨ લાખ, મોબાઈલ, ટુ વ્હીલર સહિત ૧.૮૭લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, પોતાના પાસે કંઈ કામધંધો ન હોય અને પરિવારનું ભરણપોષણ ચાલવા માટે પ્રથમ વખત આવી રીતે વેપારીને ખંખેરીયા બાદ કોઈ ફરીયાદ ન થતાં એ ડિવિઝન અને યુનિવર્સિટી પોલીસ મથકના વિસ્તારમાં વેપારીઓને શિકાર બનાવ્યા હતા. પોલીસે ગુન્હો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોડીનારના ડોળાસા ગામની સીમમાં માનવભક્ષી દીપડાનો ખેડૂત ઉપર જીવલેણ હુમલો

મુખ્ય સમાચાર, ઉના

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે વાડીએ પશુ દોહવા ગયેલા એક આધેડ ખેડૂત ઉપર દીપડાએ હુમલો કરતા કોડીનાર ખાતે સારવાર અર્થે ખસેડાયા છે. ડોળાસા ગામના કાદુભાઈ રાજાભાઈ મોરી આજે વહેલી સવારે છ વાગ્યે ગાય દોહવા ગયા હતા. ગાયને દોહી લીધા બાદ ચાર દિવસ પહેલા જન્મેલા વાછરુંને સ્તનપાન માટે છોડ્યું હતું. ત્યારે જ છુપાઈને બેઠેલો ખૂંખાર દીપડો ઢોરવાડામાં ચાર દિવસના વાછરું પર હુમલો કર્યો હતો. આ દ્રશ્ય કાદુભાઈની નજર સામે બની રહ્યું હતું. કાદુભાઈએ વાછરુંને દીપડાના મુખમાંથી છોડાવવા હાકલા પડકારા કરતા દીપડો છોડ્યો હતો અને કાદુભાઈ ઉપર હુમલો કરી ઘાયલ કરી દેતા તેઓ લોહી લુહાણ થયા હતા. કાદુભાઈને ઈજા પહોંચાડી દીપડો વાછરુંને

લઈ ઢોરવાડાની બાજુમાં આવેલી ઓસરીમાં ગયો હતો. કાદુભાઈ ઘાયલ હોવા છતાં દીપડો ઓસરી ગયો તેનો દરવાજો બંધ કરી દીધો હતો ત્યારબાદ તેઓએ બૂમાબૂમ કરતા શેઢા પાડોશી ખેડૂતો ઘટના સ્થળે પહોંચી તુરત ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કાદુભાઈને સારવાર અર્થે કોડીનાર ખસેડાયા હતા. બાદ જામવાળા જંગલ ખાતાને જાણ કરતા જંગલ ખાતાનો સ્ટાફ પણ ઘટનાસ્થળે પહોંચી ઓસરીમાં પુરાયેલ દીપડાને બેહોશીનું ઈન્જેકશન મારી દીપડાને પાંજરે પૂરતા હાશકારો લીધો હતો અને માનવ લોહી ચાખી ગયેલા દીપડાને ગીર વિસ્તારમાં છોડવામાં આવશે તેવુ વન વિભાગે જણાવેલ હતું. ડોળાસા અને આજુબાજુના ગામોમાં જંગલી જાનવરો પડ્યા પાથર્યા રહે છે. તેઓની રંજાડમાંથી ખેડૂતોને કાયમી મુક્તિ અપાવવા માંગ ઉઠી છે.